# શબ્દો બનાવવાની રીત

અને

# સરળ શબ્દકોષ



સં. મુનિશ્રી હિતવિજયજી

જૈનં જયતિ શાસનમ્

શ્રી મહાવીર-જિનેન્દ્રાય નમઃ

# શબ્દો બનાવવાની રીત

અને

## સરળ શબ્દકોશ

(સંસ્કૃત-ગુજરાતી)

: સંયોજક અને સંપાદક :

વ્યાખ્યાનવાચસ્પતિ પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન વિદ્વદ્વર્ય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરવિચન્દ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન

મુનિશ્રી હિતવિજયજી

: પ્રકાશક :

મૂળીબહેન અંબાલાલ ખંભાતવાળા

મૂલ્ય : રૂ. ૪=૫૦

પ્રથમાવૃત્તિ : નકલ ૧૦૦૦

વિ૦ સં૦ ૨૦૪૦ વીર સં૦ ૨૫૧૦ ઈ૦ સ૦ ૧૯૮૪

પ્રથમાવૃત્તિ : નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૪=૫૦

: પ્રકાશક :

મૂળીબહેન અંબાલાલ ખંભાતવાળા

C/o બી. એ. શાહ & બ્રધર્સ

૭૬/ ઝવેરી બજાર

મુંબઈ-૪૦૦,૦૦૨

: પ્રાપ્તિસ્થાન :

જશવંતલાલ ગિરધરલાલ
દોશીવાડાની પોળ
કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના
અમદાવાદ-૩૮૦૦૦૧



મુદ્રક : શ્રી પાર્શ્વ પ્રિન્ટરી
જશવંતલાલ ગિરધરલાલ શાહ
૧૪૭, તંબોળીનો ખાંચો,
દોશીવાડાની પોળ, અમદાવાદ-૩૮૦૦૦૧

## : પ્રકાશકીય :

પ. પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજે ખૂબ પરિશ્રમ લઈને કાળજીપૂર્વક તૈયાર કરેલા આ પુસ્તકને પ્રગટ કરતાં અમે અત્યન્ત હર્ષ અનુભવીએ છીએ.

પૂજ્યશ્રી દ્વારા સમ્પાદિત, પ. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજને સમ્યગ્જ્ઞાનની પુષ્ટિ નિમિત્તે પઠન-પાઠન યોગ્ય અને અમારાં જ્ઞાનાવરણીય કર્મોની નિર્જરા કરાવનારા આ નાનકડા છતાં ઉપયોગી પુસ્તકના પ્રકાશનનો લાભ અમોને આપીને પૂજ્યશ્રીએ અમારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે.

પ. પૂ. સાધુ ભગવંતોને અને પ. પૂ. સાધ્વીજી મહારાજને શાસ્ત્રીય ગ્રન્થોના પઠન-પાઠનમાં અને એના દ્વારા આત્મશ્રેયઃ સાધવામાં અમારું આ પ્રકાશન ઉપયોગી થાય એ જ શુભાભિલાષા.

## : સુધારો :

૧૫ મા પાના ઉપર ૧૯ મી રીતના મથાળે અને એ જ રીતમાં બીજી લીટીમાં ભૂલથી 'અગત્સ્ય ઋષી' એવું ખોટું છપાયું છે. ત્યાં 'અગસ્ત્ય ઋષિ' એ પ્રમાણે સુધારીને વાંચવું.



# : સંપાદકીય :

આ પુસ્તકમાં શબ્દો બનાવવાની ૧૩૦ મુખ્ય રીતો આપી છે. અન્તર્ગત રીતો ઘણી છે, જે નવા અભ્યાસકોને માટે તો આનંદ-દાયક, ઉત્સાહપ્રેરક અને બોધવર્ધક બની રહે એવી છે.

ઘણાં વરસો પહેલાં '**ધનંજય–નામમાલા**'નું સંપાદનકાર્ય કરતી વખતે અનેક સંસ્કૃત શબ્દકોશો જોવાની જરૂર પડી હતી. તે વખતે આ '**શબ્દો બનાવવાની રીતો**' તેમજ ગુજરાતી ભાષાને મળતા, શીઘ્ર યાદ રહી જાય એવા વળી વસ્તુના સ્વભાવ, ગુણદોષ તથા પ્રાણીના સ્વભાવ–ગુણદોષ–શત્રુ-મિત્ર–સગપણ–સંબંધ–વ્યવસાય–ભક્ષ્ય–નિવાસ–શરીરના અવયવો આદિને જણાવનારા અને એ રીતે એક નવીન પ્રકારનું અથવા વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન આપનારા '**સરળ સંસ્કૃત શબ્દો**' જેવા કે—**मृत्युपुष्पः**=શેલડી, **मृत्युफला**=કેળ, **मृत्युबीजः**=વાંસ, **सर्वसिद्धिः**=શ્રીફળ, **रोगायतनम्**=શરીર, **वारितस्करः**=સૂર્ય, **सर्वमूषकः**=કાળ, **मायावी**=બગલો–બિલાડો, **विषसूचकः**=ચકોર પક્ષી, **मूषकारिः**=બિલાડો, **रतव्रणः**=કૂતરો, **शयालुः**=કૂતરો–અજગર, **रुद्रसुहृद्**=કુબેર, **कामजनकः**=કૃષ્ણ, **रेवतीदयितः**=બળદેવ, **लेपकः**=કડિયો, **निमित्तज्ञः**=જોશી, **सर्वभक्षकः**=બકરો, **रक्तपः**=માંકડ–મચ્છર, **कमलालया**=લક્ષ્મી દેવી, **वक्रनासिकः**=ઘુવડ, **वक्रपुच्छः**=કૂતરો, **वक्रग्रीवः**=ઊંટ, **षट्चरणः**=ભમરો–જૂ, **षोडशाङ्घ्रिः**=કરચલો—આ બે વસ્તુ દૃષ્ટિપથમાં આવી હતી. ત્યાર પછી અનુકૂળતાએ એ બન્ને વિષયોનું મેટર તૈયાર કરીને રાખ્યું હતું પણ સંયોગવશાત્ તે વખતે તેનું પ્રકાશન શકય બન્યું નહોતું, વરસો સુધી મેટર એમ જ પડી રહ્યું હતું. પરંતુ ઘણાં વરસે હાલમાં એ શકય બનવાથી અભ્યાસકો સમક્ષ રજૂ કરું છું.

આ પુસ્તકમાં આપવામાં આવેલ '**શબ્દો બનાવવાની રીતો**' અને '**સરળ શબ્દકોશ**' આ બન્ને વિષયો, **પંન્યાસ-પ્રવરશ્રી મુક્તિવિજયજી** દ્વારા સંગૃહીત અને શેઠ **ભોગીલાલ સાંકળચંદ** દ્વારા પ્રકાશિત **શબ્દરત્નમહોદધિ ભાગ ૧—૨** ના

આધારે તૈયાર કરવામાં આવેલ છે. ત્યાં જે મણકા હતા તેની જ માળા બનાવીને અહીં મૂકી છે. ત્યાં જે છૂટુંછવાયું હતું તે જ મેં અહીં એકત્ર કરીને મૂક્યું છે, એટલે હકીકતમાં હું તો કેવળ શ્રમનો જ ભાગી છું સુયશના ભાગી તો છે: **શબ્દરત્નમહોદધિના** સંગ્રાહક, પ્રકાશક, અને જેમણે મને વારંવાર ઉપયોગી માર્ગદર્શન અને સલાહ—સૂચનો આપ્યાં છે તે **પ. પૂ. વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણિવર,** શ્રી શાન્તિદાસ ખેતસીભાઈ જૈન સંસ્કૃત પાઠશાળા ( જામનગર )ના વરસોજૂના પ્રાધ્યાપક **પંડિત-પ્રવર શ્રીયુત્ વ્રજલાલ વાલજી ઉપાધ્યાય,** શ્રી સુરેન્દ્રસૂરિ-જૈન-તત્ત્વજ્ઞાન શાળા ( રાજનગર )ના પ્રાધ્યાપક **પંડિતપ્રવર સુશ્રાવક બાબુલાલ સવચંદ શાહ** અને જેઓ ગુજરાતી ભાષાના જાણીતા વિદ્વાન છે તે **પ્રા. રતિલાલ સાં. નાયક.**

જાણીતા ભાષાવિદ્ રતિલાલ સાં. નાયકે વિનમ્રભાવે ભક્તિભાવથી મેટર અને પ્રૂફ કાળજીપૂર્વક તપાસી આપ્યાં છે. એના કારણે આ પુસ્તકમાં ગુજરાતી ભાષાની મારી અશુદ્ધિઓનું નિવારણ સારી રીતે થઈ શક્યું છે.

અભ્યાસકોનું વિશેષ પ્રકારે ધ્યાન દોરવા માટે આ સંપાદકીય લખાણ સાથે સંબંધ ધરાવતા એક ભાગને અલગ કરીને '**અગ-ત્યની સૂચના**' એ મથાળા નીચે અન્યત્ર મૂકવામાં આવ્યો છે તે અવશ્ય વાંચી જવા ભલામણ છે.

સહૃદયી વિદ્વદ્વર્ગ તરફથી મારી ક્ષતિઓ જાણવાની અને સલાહ-સૂચનોના લાભની અંતઃકરણપૂર્વક અભિલાષા રાખું છું.

આશા છે કે, મારું આ નાનકડું પુસ્તક અભ્યાસકોને સમ્યગ્જ્ઞાનની આરાધનામાં ઉપયોગી બનશે.

| | |
|---|---|
| વિજયદાનસૂરિ–જ્ઞાનમંદિર | પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ |
| કાળુપુર, અમદાવાદ–૩૮૦૦૦૧ | વિજયરવિચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ |
| વિ. સં. ૨૦૪૦ પોષ દશમી | **હિતવિજય** |

## : અગત્યની સૂચના :

આ પુસ્તકમાં આપવામાં આવેલી શબ્દો બનાવવાની જુદી જુદી રીતોથી તેમાં બતાવ્યા પ્રમાણેના અર્થની પ્રાપ્તિ જરૂર થાય છે. પરંતુ આપણે જ્યારે શબ્દપ્રયોગ કરવો હોય ત્યારે તે તે રીત દ્વારા બનતા દરેક શબ્દનો પ્રયોગ કરવો રુચિકર બનશે નહિ.

માટીમાંથી બનતા ઘડા પણ નાના, મોટા, બેઠા ઘાટના, ઊભા ઘાટના, નાના મોઢાવાળા, મોટા મોઢાવાળા એમ અનેક આકારના બનતા હોવા છતાં પણ એ બનાવનાર કુંભાર પોતે જ્યાં વસતો હોય એ દેશના લોકોમાં કયા આકારવાળો ઘડો પ્રચલિત છે એ ધ્યાનમાં રાખીને તે દેશવાસી લોકોને માફક આવે એવા પ્રચલિત આકારવાળા ઘડા જ બનાવે છે; પણ શક્યતા અને સામર્થ્ય હોવા છતાંય અપ્રચલિત આકારવાળા બનાવતો નથી. તે જ પ્રમાણે તે તે રીત દ્વારા અનેક શબ્દો નિપજાવી શકાતા હોવા છતાં, શબ્દપ્રયોગ કરતી વખતે પ્રયોજકે વિદ્વદ્-વર્ગમાં કયા શબ્દો પ્રચલિત છે એ વાત ધ્યાનમાં રાખીને જ તે શબ્દપ્રયોગ કરવો જોઈએ.

પ્રચલિત શબ્દોનો જ પ્રયોગ કરવા સાથે, જો બની શકે તો શબ્દસૌન્દર્ય અને ઉચ્ચારની સરળતાને પણ ધ્યાનમાં લેવી જોઈએ. જેમ કે, **जगन्नाथः**, **जगदीशः**, **जगत्पतिः** જેવા પ્રચલિત યૌગિક શબ્દોનો પ્રયોગ કરવો, પણ **जगदीनः** ( **जगत्+इन** ), **जगदीशिता** ( **जगत् + ईशितृ** ), **जगत्परिवृढः** જેવા અપ્રસિદ્ધ અને જેનો ઉચ્ચાર કાંઈક કષ્ટપૂર્વક થઈ શકતો હોય એવા શબ્દોનો પ્રયોગ કરવો ઉચિત લાગતો નથી.

શબ્દો બનાવવાની આ રીતો સહુ પ્રથમ તો પૂર્વકાલીન કવિઓ, લેખકો વગેરેએ કરેલા શબ્દપ્રયોગો સમજવામાં ઉપયોગી થશે. અર્થાત્ સંસ્કૃત સાહિત્યનું વાચન કરતી વખતે, પોતે જે શબ્દોને પૂર્વે કદી જાણ્યા-સાંભળ્યા નથી એવા પણ યૌગિક શબ્દોનો અર્થાવબોધ વાંચતાં-ની સાથે થઈ જશે. એને માટે શબ્દકોશ જોવાની જરૂર પડશે નહિ. અને ત્યાર બાદ વાચનના વિકાસની સાથે આપણે કેવા શબ્દોનો પ્રયોગ કરવો, ન કરવો એ સમજવું પણ સરળ બની જશે. **—સંપાદક**

## —: આમુખ :—

દાર્શનિક દૃષ્ટિથી વ્યાકરણનો વિચાર કરતાં વ્યાકરણને (૧) નામ (૨) આખ્યાત (૩) ઉપસર્ગ (૪) અવ્યય–આ ચાર વિભાગમાં સંપૂર્ણતયા મૂકી શકાય.

(૧) નામ–'જીવતીતિ જીવઃ' આ પ્રમાણે જીવ એ (અન્વર્થ) નામ છે. 'જીવતીતિ' જીવનાત્મક અનાદિસિદ્ધ ક્રિયા એ સ્વસ્વરૂપાત્મક–જીવતત્ત્વને અજીવતત્ત્વથી પૃથક્ કરે છે–અન્યથી જુદું પાડે છે.

(૨) આખ્યાત—આખ્યાત એટલે ક્રિયાવાચક પદ. ક્રિયા બે પ્રકારની છે: ઉપયોગાત્મક અને ઉપભોગાત્મક. આત્મિક દૃષ્ટિએ ઉપયોગાત્મક ક્રિયા અવ્યય–પદની પ્રાપક છે અને ઉપભોગાત્મક ક્રિયા સંસારવૃદ્ધિનું કારણ બની રહે છે.

(૩) ઉપસર્ગ—પુણ્ય-પાપ યાને ધર્માધર્મજન્ય સુખ-દુઃખના દ્વન્દ્વનું સર્જન તે ઉપસર્ગ છે.

(૪) અવ્યય—ઉપસર્ગમાં અવિચલ રહેનાર અર્થાત્ સ્વચિત્તને સમભાવમાં રાખનાર સાધક એવો ઉપયોગ લક્ષણ જીવ અવ્યયપદને અર્થાત્ મોક્ષને પામી જાય છે. જ્યાં સંસરણ ક્રિયાનો સર્વથા અંત આવી જાય છે, જીવની સંસારથી મુક્તિ થાય છે, આત્મ-સ્વરૂપની સિદ્ધિ થાય છે; જે માનવ-જીવનનું પરમ સાધ્ય છે, એક માત્ર લક્ષ્ય છે.

વ્યાકરણનાં પાંચ અંગો છે: ધાતુ, સૂત્ર, ગણપાઠ, ઉણાદિ–પ્રકરણ અને નામલિંગાનુશાસન.

પંચાંગી વ્યાકરણમાં અતિ ઉપયોગી એવં ઉપકારક અંગ છે છેલ્લું નામલિંગાનુશાસન અર્થાત્ શબ્દકોશ. પ્રથમનાં ચાર અંગો સીમિત છે જ્યારે અંતિમ અંગ અસીમ છે. 'સંસ્કૃત ભાષામાં આટલાં જ નામ–સંજ્ઞા છે, વધારે નથી.' એવું કોઈ વૈયાકરણ કે કોશકાર કહી શકતા નથી, કારણ કે નામોનું સંખ્યાવધારણ શક્ય નથી. હા... નામોનું વર્ગીકરણ જરૂર કરી શકાય. જેટલા સ્વરો અને વ્યંજનો છે તેટલા સ્વરાન્ત અને વ્યંજનાન્ત પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ નામો છે–એ પ્રમાણે વર્ગોના ભેદ ગણાવી શકાય. અસ્તુ!

મોટા મોટા મહાકાય અનેક શબ્દકોશો વિશિષ્ટ શક્તિશાળી, જિજ્ઞાસુ અધ્યેતૃગણને યોગ્યતાનુસાર જ્ઞાનની વૃદ્ધિ કરવામાં ઉપકારક બની રહ્યા છે. કિન્તુ તે તે વિશાળકાય કોશગ્રન્થો સર્વસુલભ એવં સર્વસામાન્ય ઉપકારક ઓછા બની શકે. જ્યારે આ લઘુ શબ્દકોશ સંસ્કૃત ભાષાના પ્રાથમિક અભ્યાસકને સરસ અને સરળ ભાષામાં સુચારુ પદ્ધતિથી એક વારના પઠન માત્રથી શીઘ્ર યાદ રહી શકે એવી રસપ્રદ ઘણી ઘણી માહિતી–બોધ આપતો અત્યન્ત ઉપાદેય અને ઉપકારક બની રહે એવો છે.

યોગ દ્વારા અર્થાત્ જોડાણ દ્વારા સર્જાતા શબ્દોમાં એક ખાસ ખ્યાલ રાખવો જરૂરી છે કે, આપણે શબ્દો બનાવવાની રીત દ્વારા જે નૂતન શબ્દો બનાવીએ તે શબ્દો કવિરૂઢિપ્રસિદ્ધ હોવા જોઈએ. યદ્યપિ આ વાત તત્કાળ બહુ સ્પષ્ટ થઈ શકતી નથી. કિન્તુ વિચાર-શીલ વિદ્યાર્થીને અભ્યાસ અને વાચન દ્વારા ધીમે ધીમે એ વસ્તુ સ્પષ્ટ થતી જાય છે. એટલે પ્રાથમિક અવસ્થામાં એ બહુ ચિન્તાના વિષયરૂપ નથી. અસ્તુ !

સર્વ પ્રથમ 'ધનંજય–નામમાલા'ના સંપાદનથી જ જેઓ મારા પરિચિત છે, જ્યાં સુધી સમુચિત પૂર્ણ સમાધાન ન મળે ત્યાં સુધી જેમને પૂર્ણવિરામ નથી, સતત ઉદ્યમશીલ, નિરન્તર ઉપયુક્તમાં સાવધાન–અભ્યાસશીલ, હિતકારી પૂ. મુનિરાજ હિતવિજય મહારાજશ્રી કે જેઓ '**शतं वद, एकं मा लिख**' એ ઉક્તિના માર્મિક-ભાવને ચિત્તસ્થ રાખીને, આવશ્યક પૂર્વતૈયારી કર્યા પછી જ અક્ષરદેહ આપવામાં પૂર્ણ જાગરૂક, અભ્યાસપ્રિય–વિદ્યારુચિ સંપાદક છે, તેઓશ્રીની આ લઘુકૃતિ પણ અનેક લઘુ આત્માઓને મહાન બનાવવા પૂર્વક પૂર્ણ યશોભાગી બની રહો એ જ શુભકામના.

છાપિયા શેરી, વ્રજભવન
જામનગર–૩૬૧,૦૦૧
વિ. સં. ૨૦૪૦
મૌન એકાદશી

**પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય**
**: પ્રાધ્યાપક :**
**શ્રી શાન્તિદાસ ખેતસીભાઈ**
**સં૦ પાઠશાળા–જામનગર**

શબ્દો બનાવવાની રીતની

# અનુક્રમણિકા


| ક્રમ | રીત | પાનું | ક્રમ | રીત | પાનું |
|---|---|---|---|---|---|
| ૧ | જિનેશ્વરદેવ ૨ મુનિ | ૧ | ૩૫ | આકાશ | ૨૧ |
| ૩ | દિગમ્બર ૪ બ્રહ્મા | ૨ | ૩૬ | આકાશગામી | ૨૨ |
| ૫ | વિષ્ણુ (કૃષ્ણ) | ૩ | ૩૭ | સૂર્ય | ૨૨ |
| ૬ | લક્ષ્મી ૭ કામદેવ | ૫ | ૩૮ | યમ, કર્ણ, મનુ | ૨૪ |
| ૮ | ઉદ્ધવજી ૯ બળદેવ | ૭ | ૩૯ | ચંદ્ર | ૨૪ |
| ૧૦ | નારદ | ૮ | ૪૦ | મંગળ ગ્રહ | ૨૬ |
| ૧૧ | મહાદેવ (શંકર) | ૯ | ૪૧ | બુધ ગ્રહ | ૨૬ |
| ૧૨ | પાર્વતી | ૧૧ | ૪૨ | શનિ ગ્રહ | ૨૬ |
| ૧૩ | કાર્તિકસ્વામી | ૧૧ | ૪૩ | રાહુ ગ્રહ | ૨૬ |
| ૧૪ | ગણપતિ (ગણેશ) | ૧૨ | ૪૪ | સૂર્ય, ચંદ્ર, અગ્નિ | ૨૭ |
| ૧૫ | રામ ૧૬ સીતા | ૧૩ | ૪૫ | મેઘ ૪૬ પૃથ્વી | ૨૭ |
| ૧૭ | હનુમાન ૧૮ રાવણ | ૧૪ | ૪૭ | અગ્નિ | ૨૭ |
| ૧૯ | અગસ્ત્ય ઋષિ | ૧૫ | ૪૮ | વાયુ ૪૯ પાણી | ૨૮ |
| ૨૦ | સ્વર્ગ ૨૧ ઇન્દ્ર | ૧૫ | ૫૦ | ઉકાળેલું પાણી | ૨૮ |
| ૨૨ | દેવ | ૧૬ | ૫૧ | સમુદ્ર પર નદી | ૨૯ |
| ૨૩ | હરિણૈગમેષી દેવ | ૧૭ | ૫૩ | ગંગા નદી | ૩૦ |
| ૨૪ | કુબેર દેવ | ૧૭ | ૫૪ | યમુના નદી | ૩૦ |
| ૨૫ | યમ દેવ ૨૬ વરુણ દેવ | ૧૮ | ૫૫ | નર્મદા નદી | ૩૦ |
| ૨૭ | શુક્રાચાર્ય ૨૮ બૃહસ્પતિ | ૧૯ | ૫૬ | શેવાળ ૫૭ કમળ | ૩૧ |
| ૨૯ | દિક્પાલ ૩૦ દિગ્ગજ | ૨૦ | ૫૮ | પરાગ ૫૯ પર્વત | ૩૧ |
| ૩૧ | અસુર (દૈત્ય) | ૨૦ | ૬૦ | હિમાલય | ૩૨ |
| ૩૨ | અમૃત | ૨૦ | ૬૧ | વસંત ઋતુ | ૩૨ |
| ૩૩ | સરસ્વતી | ૨૧ | ૬૨ | વૃક્ષ | ૩૨ |
| ૩૪ | સંસ્કૃત ભાષા | ૨૧ | ૬૩ | આંબો ૬૪ પીપળો | ૩૩ |

| ક્રમ | રીત | પાનું | ક્રમ | રીત | પાનું |
|---|---|---|---|---|---|
| ૬૫ | લાખ ૬૬ કંટક | ૩૩ | ૧૦૩ | ઊંટ | ૪૪ |
| ૬૭ | મનુષ્ય ૬૮ કેશ | ૩૪ | ૧૦૪ | પાડો | ૪૫ |
| ૬૯ | પાઘડી ૭૦ ચશ્મા | ૩૪ | ૧૦૫ | કૂતરો | ૪૫ |
| ૭૧ | આંસુ | ૩૪ | ૧૦૬ | બિલાડો | ૪૬ |
| ૭૨ | પાંપણ | ૩૫ | ૧૦૭ | કાચબો | ૪૬ |
| ૭૩ | રુંવાંટું | ૩૫ | ૧૦૮ | મત્સ્ય | ૪૬ |
| ૭૪ | પરસેવો | ૩૫ | ૧૦૯ | સર્પ | ૪૭ |
| ૭૫ | હાથનો ખોબો | ૩૫ | ૧૧૦ | વાસુકિ | ૪૮ |
| ૭૬ | હાથના નખ | ૩૫ | ૧૧૧ | ગરોળી | ૪૮ |
| ૭૭ | ફંદોરો ૭૮ રાજા | ૩૬ | ૧૧૨ | માંકડ અને મચ્છર | ૪૮ |
| ૭૯ | સેનાપતિ | ૩૭ | ૧૧૩ | ભમરો ૧૧૪ પક્ષી | ૪૯ |
| ૮૦ | સૈનિક | ૩૭ | ૧૧૫ | ગરુડ | ૫૦ |
| ૮૧ | યુધિષ્ઠિર | ૩૭ | ૧૧૬ | ઘુવડ ૧૧૭ કાગડો | ૫૧ |
| ૮૨ | અર્જુન ૮૩ ભીમસેન | ૩૮ | ૧૧૮ | કબૂતર | ૫૧ |
| ૮૪ | પુત્ર ૮૫ બ્રાહ્મણ | ૩૯ | ૧૧૯ | કોયલ ૧૨૦ કૂકડો | ૫૨ |
| ૮૬ | સોની | ૩૯ | ૧૨૧ | મોર | ૫૨ |
| ૮૭ | કલાલ ૮૮ ભીલ | ૪૦ | ૧૨૨ | હંસ અને બગલો | ૫૨ |
| ૮૯ | મહાવત ૯૦ અંધ | ૪૦ | ૧૨૩ | નિર્જીવ | ૫૩ |
| ૯૧ | દરિદ્રી ૯૨ મૂર્ખ | ૪૧ | ૧૨૪ | બખ્તર, વસ્ત્ર | ૫૩ |
| ૯૩ | વેશ્યા | ૪૧ | ૧૨૫ | ધનુષ્ય | ૫૩ |
| ૯૪ | ચોર અને વારસદાર | ૪૧ | ૧૨૬ | ભાથું | ૫૩ |
| ૯૫ | રાક્ષસ અને ચોર | ૪૨ | ૧૨૭ | તંબૂ | ૫૪ |
| ૯૬ | મૃત્યુ ૯૭ મૃતક | ૪૨ | ૧૨૮ | છરી-ચપ્પુ | ૫૪ |
| ૯૮ | જીવ-પ્રાણી | ૪૩ | ૧૨૯ | પડઘો | ૫૪ |
| ૯૯ | સિંહ ૧૦૦ હાથી | ૪૩ | ૧૩૦ | સેવક-નોકર | ૫૪ |
| ૧૦૧ | હરણ ૧૦૨ વાંદરો | ૪૪ | ૧૩૧ | સરળ શબ્દકોશ | ૫૫ |

ऐं नमः ।

ज्ञानस्य फल विरतिः ।

# શબ્દો બનાવવાની રીત

## ૧. જિનેશ્વરદેવ :—

(૧) જગતવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી જિનેશ્વરદેવનાં નામ બને છે. જેમ કે—**जगन्नाथः, जगत्पतिः, जगत्प्रभुः, जगदीशः, त्रिलोकस्वामी 'इन्', त्रिलोकनाथः, त्रिभुवनस्वामी 'मिन्', विष्टपपतिः** (પું.) ઇત્યાદિ.

(૨) પાપવાચક શબ્દોની પાછળ **जयिन्** શબ્દ જોડવાથી જિનેશ્વરદેવનાં નામ બને છે. જેમ કે—**पापजयी 'इन्', अघजयी 'इन्'** (પું.) ઇત્યાદિ.

★

## ૨. મુનિ :—

(૧) તપ, સંયમ અને યોગવાચક શબ્દોની પાછળ **युक्त, जुष्, भाज्, धन, भृत्** અને મત્વર્થક પ્રત્યયો જોડવાથી મુનિનાં નામ બને છે. જેમ કે—**तपोयुक्तः, तपोजुट् 'ष्', तपोभाक् 'ज्', तपोधनः, शमधनः, शमभृत्, तपस्वी 'विन्', संयमी 'इन्', योगी 'इन्', शमी 'इन्'** (પું.) ઇત્યાદિ.

卐

## ૩. દિગમ્બર :—

(૧) દિશાવાચક શબ્દોની પાછળ વસ્ત્રવાચક શબ્દો જોડવાથી દિગમ્બરનાં નામ બને છે. જેમ કે—**दिगम्बरः, आशाम्बरः, दिग्वसनः, दिग्वासाः** ' अस् ', **दिक्चेलः, हरिन्निवसनः** ( પું. ) ઇત્યાદિ.

★

## ૪. બ્રહ્મા :—

(૧) જગતવાચક શબ્દોની પાછળ **कर्तृ, विधातृ** કે **स्रष्टृ** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમ કે—**विश्वकर्ता** ' तृ ', **सृष्टिविधाता** ' तृ ', **जगत्स्रष्टा** ' तृ ', ( પું. ) ઇત્યાદિ.

(૨) **चतुर्** શબ્દની પાછળ મુખવાચક શબ્દો જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમ કે—**चतुर्मुखः, चतुराननः, चतुरास्यः** ( પું. ) ઇત્યાદિ.

(૩) **सहस्र** શબ્દની પાછળ ચરણવાચક શબ્દો જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમ કે—**सहस्रपाद्, सहस्राङ्घ्रिः, सहस्रांह्रिः, सहस्रचरणः** ( પું. ) ઇત્યાદિ.

(૪) હંસવાચક શબ્દોની પાછળ **वाह, वाहन, यान, गामिन्** કે **आसन** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમ કે—**हंसवाहः, चक्राङ्गवाहः, हंसवाहनः, मरालवाहनः, हंसगामी** ' णिन् ', **मरालासनः** ( પું. ) ઇ૦

(૫) **नाभि, पद्म, आत्मन्** અને **स्वयम्** શબ્દની પાછળ **भू** કે **जन्मन्** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમ કે—**नाभिभूः, नाभिजन्मा** ' मन् ', **स्वयम्भूः** (પું.) ઇ૦

(૬) કમળવાચક શબ્દોની પાછળ **योनि, उद्भव** કે **आसन** શબ્દ જોડવાથી બ્રહ્માનાં નામ બને છે. જેમ કે— **पद्मयोनिः, कमलयोनिः, नलिनोद्भवः, सरोरुहासनः, पद्मासनः** (પું.) ઇત્યાદિ.

卐

## ૫. વિષ્ણુ (કૃષ્ણ):—

(૧) **नन्द** અને **देवकी** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**नन्दनन्दनः, नन्दपुत्रः, देवकीसूनुः, देवकीसुतः, देवकीतनुजः** (પું.) ઇત્યાદિ.

(૨) લક્ષ્મીવાચક શબ્દો, દ્વારિકાનગરીવાચક શબ્દો અને **राधा** શબ્દની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**माधवः, रमाकान्तः, श्रीशः, श्रीनाथः, लक्ष्मीकान्तः, श्रीकान्तः, द्वारकाधीशः (द्वारिकाधीशः), द्वारकानाथः, द्वारकेशः, द्वारवतीशः, यदुपुरीश्वरः, राधारमणः, राधावल्लभः** (પું.) ઇત્યાદિ.

(૩) કામદેવવાચક શબ્દોની પાછળ પિતૃવાચક શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**प्रद्युम्नपिता 'तृ', अनङ्गतातः, कामजनकः** (પું.) ઇત્યાદિ.

(૪) ઇન્દ્રવાચક શબ્દોની પાછળ **अनुज, अवरज** કે પૂર્વે **उप** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે— **इन्द्रानुजः, इन्द्रावरजः, आखण्डलानुजः, आखण्डलावरजः, उपेन्द्रः, उपाखण्डलः** (પું.) ઇત્યાદિ.

(૫) **पीत** શબ્દની પાછળ વસ્ત્રવાચક શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**पीताम्बरः, पीतांशुकः, पीतवासाः 'अस्'** (પું.) ઇત્યાદિ.

(૬) ગરુડવાચક શબ્દોની પાછળ ધ્વજવાચક કે ચિહ્નવાચક શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**तार्क्ष्यध्वजः, गरुडकेतनः, सुपर्णाङ्कः, गरुडलाञ्छनः** (પું.) ઇત્યાદિ.

(૭) **गदा, शार्ङ्ग, चक्र, श्रीवत्स** અને **शङ्ख** શબ્દની પાછળ **धर, भृत्** કે મત્વર્થક પ્રત્યયો લગાડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**गदाधरः, गदाभृत्, गदी 'इन्'** (પું.) ઇત્યાદિ.

(૮) પર્વતવાચક અને પૃથ્વીવાચક શબ્દોની પાછળ **धर** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**गिरिधरः, पर्वतधरः, भूधरः, महीधरः, धरणीधरः** (પું.) ઇત્યાદિ.

(૯) સમુદ્રવાચક તથા જળવાચક શબ્દોની પાછળ **शय, शयन** કે **शायिन्** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**जलशयः, जलशयनः, जलशायी 'णिन्', अब्धिशयः, अब्धिशयनः, अब्धिशायी 'णिन्'** (પું.) ૪૦

(૧૦) **व्रज** શબ્દની પાછળ **नाथ, पति, वर, वल्लभ** કે **मोहन** શબ્દ જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**व्रजनाथः, व्रजपतिः** (પું.) ઇત્યાદિ.

(૧૧) **कंस, जरासंध, धेनुक, चाणूर, पूतना, शकट, कैटभ, केशिन्, मधु, बाण, हिरण्यकशिपु** અને **मुर** શબ્દની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી કૃષ્ણનાં નામ બને છે. જેમ કે—**कंसारिः, जरासंधरिपुः, धेनुकाऽमित्रः, चाणूराऽसुहृद्, मधुसूदनः, मुरारिः** ( પું. ) ઇત્યાદિ.

★

૬. **લક્ષ્મી :—**

(૧) સમુદ્રવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો તથા **जा, उद्भवा** વગેરે શબ્દો જોડવાથી લક્ષ્મીનાં નામ બને છે. જેમ કે—**क्षीरोदतनया, सागरनन्दना, सागराङ्गजा, अर्णवात्मजा, अब्धिजा, समुद्रभवा, सागरोद्भवा** (સ્ત્રી.) ઇ૦

卐

૭. **કામદેવ :—**

(૧) મહાદેવવાચક શબ્દોની પાછળ **विघ्नकर** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**शम्भुविघ्नकरः, शङ्करविघ्नकरः** (પું.) ઇત્યાદિ.

(૨) **शम्बर** અને **शूर्पक** શબ્દની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**शम्बरवैरी 'इन्', शम्बरशत्रुः, शम्बरसूदनः, शूर्पकारिः, शूर्पकद्वेषी 'इन्', शूर्पकघ्नः** (પું.) ઇત્યાદિ.

(૩) લક્ષ્મીવાચક અને વિષ્ણુવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**लक्ष्मीनन्दनः, रमापुत्रः, श्रीसुतः, विष्णुतनयः, वासुदेवात्मजः, कृष्णाङ्गजः** (પું.) ઇત્યાદિ.

(૪) **रति** શબ્દની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**रतिपतिः**, **रतिवरः**, **रतिकान्तः**, **रतिरमणः**, **रतिवल्लभः** (પું.) ઇત્યાદિ.

(૫) શરીરવાચક શબ્દોની પાછળ **रहित**, **वर्जित** આદિ શબ્દો અથવા પૂર્વમાં **नञ्** ' જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**अङ्गरहितः**, **कायरहितः**, **तनुवर्जितः**, **देहवर्जितः**, **अनङ्गः**, **अकायः** (પું.) ઇત્યાદિ.

(૬) મત્સ્યવાચક શબ્દોની પાછળ ધ્વજવાચક કે ચિહ્નવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**झषध्वजः**, **मकरध्वजः**, **मीनकेतुः**, **मीनकेतनः**, **मत्स्यलाञ्छनः**, **झषाङ्कः** (પું.) ઇત્યાદિ.

(૭) પુષ્પવાચક શબ્દોની પાછળ ધનુષ્યવાચક, બાણવાચક અને શસ્ત્રવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**पुष्पधन्वा**, **कुसुमधन्वा**, **पुष्पचापः**, **पुष्पेषुः**, **प्रसूनशरः**, **कुसुमायुधः**, **पुष्पहेतिः**, **प्रसूनास्त्रः** (પું.) ઇ૦

(૮) **पञ्च**, **विषम** અને **अयुग्** શબ્દની પાછળ બાણવાચક અને શસ્ત્રવાચક શબ્દો જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**पञ्चबाणः**, **पञ्चेषुः**, **पञ्चशरः**, **पञ्चहेतिः**, **विषमास्त्रः**, **विषमायुधः**, **विषमेषुः**, **अयुगिषुः** (પું.) ઇત્યાદિ.

(૯) **मनस्**, **शृङ्गार**, **सङ्कल्प** અને **आत्मन्** શબ્દની પાછળ **ज**, **जात**, **जन्मन्**, **भू**, **भव**, **उद्भव** કે **योनि** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**मनोजः**, **मनोजातः**, **शृङ्गारजन्मा** '**मन्**', **सङ्कल्पयोनिः**, **आत्मभूः** (પું.) ઇત્યાદિ.

(૧૦) વસંતઋતુવાચક શબ્દોની પાછળ **सख, सहाय, सुहृद्** કે **सारथि** શબ્દ જોડવાથી કામદેવનાં નામ બને છે. જેમ કે—**मधुसखः, वसंतसहायः, मधुसुहृद्, पुष्पागमसारथिः** (પું.) ઇત્યાદિ.

★

૮. **ઉદ્ધવજી :—**

(૧) પવનવાચક શબ્દોની પાછળ **व्याधि** શબ્દ જોડવાથી વિષ્ણુભક્ત ઉદ્ધવનાં નામ બને છે. જેમ કે—**पवनव्याधिः, वायुव्याधिः** (પું.) ઇત્યાદિ.

★

૯. **બળદેવ :—**

(૧) વિષ્ણુવાચક શબ્દોની પાછળ **अग्रज** શબ્દ જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમ કે—**कृष्णाग्रजः, केशवाग्रजः** (પું.) ઇત્યાદિ.

(૨) **रोहिणी** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમ કે—**रोहिणीपुत्रः, रोहिणीनन्दनः** (પું.) ઇત્યાદિ.

(૩) **रेवती** શબ્દની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમ કે—**रेवतीदयितः, रेवतीपतिः, रेवतीरमणः** (પું.) ઇત્યાદિ.

(૪) **नील** કે **सिति** શબ્દની પાછળ વસ્ત્રવાચક શબ્દો જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમ કે—**नीलाम्बरः, नीलवस्त्रः, नीलवसनः, सितिवस्त्रः, सितिवासाः** '**अस्**' (પું.) ઇત્યાદિ.

(૫) હળવાચક શબ્દોની પાછળ આયુધવાચક અને હસ્તવાચક શબ્દો તેમજ **धर** કે **भृत्** જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમ કે—**हलायुधः, सीरपाणिः, सीरायुधः, जित्याभ्रः, लाङ्गलहेतिः, जित्याकरः, हलधरः, हलभृत्** (પું.) ઇત્યાદિ.

(૬) **ताल** શબ્દની પાછળ ધ્વજવાચક કે ચિહ્નવાચક શબ્દો જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમ કે—**तालध्वजः, तालाङ्कः, तालकेतुः,ताललाञ्छनः** (પું.) ઇત્યાદિ.

(૭) યમુનાવાચક શબ્દોની પાછળ **भिद्, भेदन** કે **कर्षण** શબ્દ જોડવાથી બળદેવનાં નામ બને છે. જેમ કે—**यमुनाभिद्, यमुनाभेदनः, कालिन्दीकर्षणः, रविनन्दनाकर्षणः** (પું.) ઇત્યાદિ.

卐

## ૧૦. નારદ :—

(૧) બ્રહ્માવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી નારદનાં નામ બને છે. જેમ કે—**ब्रह्मपुत्रः, अजात्मजः, चतुर्मुखसुतः, विधातासुतः, विधिनन्दनः** (પું.) ઇત્યાદિ.

(૨) **सत्य** અને **ब्रह्म** શબ્દની પાછળ **प्रिय, व्रत** અને **सङ्गर** શબ્દ જોડવાથી નારદનાં નામ બને છે. જેમ કે—**सत्यप्रियः, सत्यव्रतः, सत्यसङ्गरः, ब्रह्मप्रियः** (પું.) ઇ૦

(૩) કલહવાચક શબ્દોની પાછળ **प्रिय, कार** કે **कारक** શબ્દ જોડવાથી નારદનાં નામ બને છે. જેમ કે—**कलिप्रियः, कलिकारः, कलिकारकः, कलहप्रियः** (પું.) ઇત્યાદિ.

★

## ૧૧. મહાદેવ (શંકર):—

(૧) કાર્તિકસ્વામિવાચક શબ્દોની પાછળ પિતૃવાચક શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**सेनानीपिता 'तृ', गुहजनकः, कुमारतातः** (પું.) ઇત્યાદિ.

(૨) **त्रि** શબ્દની પાછળ નેત્રવાચક શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**त्र्यम्बकः, त्र्यक्षः, त्रिनेत्रः, त्रिलोचनः** (પું.) ઇત્યાદિ.

(૩) ભાલવાચક શબ્દોની પાછળ નેત્રવાચક શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**भालदृक् 'श', कपालदृक् 'श्', भाललोचनः, ललाटलोचनः, ललाटनेत्रः** (પું.) ઇત્યાદિ.

(૪) સ્મશાનવાચક શબ્દોની પાછળ **वासिन्, निवासिन्, वेश्मन्, ओकस्** ઇત્યાદિ શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**पितृवेश्मवासी 'इन्', भूतवासनिवासी 'इन्', स्मशानवेश्मा 'अन्', स्मशानौकाः 'अस्'** (પું.) ઇત્યાદિ.

(૫) પાર્વતીવાચક શબ્દો તેમજ **पशु, प्रमथ, भूत** અને **गण** શબ્દની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**उमेशः, उमाकान्तः, उमास्वामी 'मिन्', दुर्गानाथः, गौरीपतिः, पार्वतीश्वरः, गिरिजापतिः, पशुपतिः, प्रमथपतिः, भूतनाथः, गणनाथः, गणेशः** (પું) ઇત્યાદિ.

(૬) **पिनाक, शूल, कपाल** અને **खट्वाङ्ग** શબ્દની પાછળ **धर, भृत्** કે મત્વર્થક પ્રત્યયો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**पिनाकधरः, पिनाकभृत्, पिनाकी 'इन्', शूलधरः, शूलभृत्, शूली 'इन्'** (પું) ઇત્યાદિ.

(૭) સર્પવાચક શબ્દોની પાછળ **धर, भृत्, भूषण** કે **शेखर** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**सर्पधरः, नागभृत्, पन्नगभूषणः, फणिशेखरः** (પું.) ઇત્યાદિ.

(૮) ચંદ્રવાચક શબ્દોની પાછળ **धर, भृत्, चूड, चूडामणि, मौलि** કે **शेखर** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**चन्द्रधरः, इन्दुभृत्, चन्द्रचूडः, चन्द्रचूडामणिः, इन्दुमौलिः, चन्द्रशेखरः** (પું.) ઇત્યાદિ.

(૯) ગંગાવાચક શબ્દોની પાછળ **धर, भृत्** કે સ્વામિવાચક શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**गङ्गाधरः, गङ्गाभृत्, गङ्गानाथः, भागीरथीश्वरः, हैमवतीशः, जाह्नवीपतिः** (પું.) ઇત્યાદિ.

(૧૦) **वृष** અને **वृषभ** શબ્દની પાછળ ધ્વજવાચક, ચિહ્નવાચક અને **वाहन, यान, गति, गामिन्** કે **आसन** શબ્દ જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**वृषकेतनः, वृषध्वजः, वृषाङ्कः, वृषलाञ्छनः, वृषवाहनः, वृषभयानः, वृषभगतिः, वृषभगामी 'णिन्', वृषासनः** (પું.) ઇત્યાદિ.

(૧૧) કામદેવવાચક શબ્દો તેમજ **गज, पूषन्, पुर, काल, अन्धक** અને **मख** શબ્દની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી મહાદેવનાં નામ બને છે. જેમ કે—**कामारिः, मन्मथरिपुः, अनङ्गसपत्नः, कामध्वंसी 'इन्', गजारिः, पूषाऽसुहृत्, पुरान्तकः, कालारातिः, अन्धकवैरी 'इन्', मखद्विट् 'ष्'** (પું.) ઇત્યાદિ.

★

## ૧૨. પાર્વતી :—

(૧) પર્વતવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી પાર્વતીનાં નામ બને છે. જેમ કે—**शैलपुत्री, अचलकन्या, नगात्मजा, गिरितनया, हिमवत्सुता, शैलराजदुहिता 'तृ', शैलेशसुता, पर्वतपुत्री** (સ્રી.) ઇ૦

(૨) **मेना** અને **मेनका** શબ્દની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી પાર્વતીનાં નામ બને છે. જેમ કે—**मेनात्मजा, मेनातनया, मेनकापुत्री, मेनकासुता** (સ્રી.) ઇત્યાદિ.

★

## ૧૩. કાર્તિકસ્વામી :—

(૧) મહાદેવવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી કાર્તિકસ્વામી અને ગણપતિનાં નામ બને છે. જેમ કે—**शिवात्मजः, भवात्मजः, शम्भुसुतः, गिरीशनन्दनः** (પું.) ઇત્યાદિ.

(૨) અગ્નિવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી કાર્તિકસ્વામીનાં નામ બને છે. જેમ કે—**अनिलात्मजः, अग्निपुत्रः, शिखिसुतः** (પું.) ઇત્યાદિ.

(૩) પાર્વતીવાચક શબ્દો તેમજ **कृत्तिका** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી કાર્તિકસ્વામીનાં નામ બને છે. જેમ કે—**उमासुतः, अद्रिजातनयः, गिरिजासूनुः, पार्वतीनन्दनः, दुर्गापुत्रः, कृत्तिकात्मजः, कृत्तिकातनुजः** (પું.) ઇ૦

(૪) ગંગાવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી કાર્તિકસ્વામી અને ભીષ્મપિતામહનાં નામ બને છે. જેમ કે—**जाह्नवीसुतः, भागीरथीनन्दनः, गङ्गासूनुः, गङ्गार्भकः** (પું.) ઇત્યાદિ.

(૫) મયૂરવાચક શબ્દોની પાછળ **वाह, वाहन, यान, गामिन्, आसन** કે **पति** શબ્દ જોડવાથી કાર્તિકસ્વામીનાં નામ બને છે. જેમ કે—**मयूरवाहः, शिखिवाहनः, नीलकण्ठयानः, बर्हिगामी 'णिन्', मयूरासनः, शिखण्डिपतिः** (પું.) ઇત્યાદિ.

(૬) **षट्** શબ્દની પાછળ મુખવાચક શબ્દો જોડવાથી કાર્તિકસ્વામીનાં નામ બને છે. જેમ કે—**षण्मुखः, षडास्यः, षडाननः** (પું.) ઇત્યાદિ.

卐

## ૧૪. ગણપતિ (ગણેશ) :—

(૧) **गण** શબ્દની પાછળ **पति, नाथ, स्वामिन्, भर्तृ, नायक, अग्रणी, अधिप, अधिपति, ईश** ઇત્યાદિ શબ્દો જોડવાથી ગણપતિ અને મહાદેવનાં નામ બને છે. જેમ કે—**गणपतिः, गणनाथः, गणस्वामी 'मिन्', गणेशः** (પું.) ઇત્યાદિ.

(૨) **विघ्न** શબ્દની પાછળ **नायक, नाशक, नाशन, राज, विनायक, हारिन्, ईश, ईश्वर** કે **ईशान** શબ્દ જોડવાથી ગણપતિનાં નામ બને છે. જેમ કે—**विघ्ननायकः, विघ्ननाशकः** (પું.) ઇત્યાદિ.

(૩) હસ્તિવાચક શબ્દોની પાછળ મુખવાચક શબ્દો જોડવાથી ગણપતિનાં નામ બને છે. જેમ કે—**गजाननः, गजास्यः, गजमुखः, करिमुखः** (પું.) ઇત્યાદિ.

★

## ૧૫. રામ

(૧) રાવણ અને વાલીનાં નામોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી રામનાં નામ બને છે. જેમ કે—**दशमुखारिः, दशास्यरिपुः, दशाननशत्रुः, दशास्यहन्ता 'तृ', लङ्केशवैरी 'इन्', वालीवैरी 'इन्', वालिद्वेषी 'इन्'** (પું.) ઇત્યાદિ.

(૨) **कौशल्या** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી રામનાં નામ બને છે. જેમ કે—**कौशल्यात्मजः, कौशल्यानन्दनः** (પું.) ઇત્યાદિ.

★

## ૧૬. સીતા

(૧) પૃથ્વીવાચક શબ્દો તથા **जनक** શબ્દની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી સીતાનાં નામ બને છે. જેમ કે—**भूमीपुत्री, महीसुता, जनकात्मजा, जनकसुता** (સ્ત્રી) ઇત્યાદિ.

★

**૧૭. હનુમાન :—**

(૧) **अञ्जना** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી હનુમાનનાં નામ બને છે. જેમ કે—**अञ्जनात्मजः, अञ्जनातनयः** (પું.) ઇત્યાદિ.

(૨) પવનવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી હનુમાન અને ભીમનાં નામ બને છે. જેમ કે—**पवनपुत्रः, समीरसुतः, अनिलात्मजः** (પું.) ઇત્યાદિ.

(૩) વાનરવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી હનુમાન, વાલી, સુગ્રીવ, મારુતિ અને રામનાં નામ બને છે. જેમ કે—**वानरराजः, प्लवङ्गमपतिः, कपीश्वरः, कपीशः, मर्कटेश्वरः, वानरेश्वरः** (પું.) ઇત્યાદિ.

★

**૧૮. રાવણ :—**

(૧) **दश** શબ્દની પાછળ મસ્તકવાચક, મુખવાચક અને ગરદનવાચક શબ્દો જોડવાથી રાવણનાં નામ બને છે. જેમ કે—**दशशिराः** ‘**अस्**’, **दशमूर्धा** ‘**अन्**’, **दशास्यः, दशाननः, दशमुखः, दशग्रीवः, दशकन्धरः, दशकण्ठः** (પું.) ઇત્યાદિ.

(૨) રાક્ષસવાચક શબ્દો તેમજ **लङ्का** અને **मन्दोदरी** શબ્દની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી રાવણનાં નામ બને છે. જેમ કે—**राक्षसेश्वरः, रक्षईशः, निशाचरपतिः, कुणपपतिः, लङ्केशः, लङ्काधिपः, लङ्कापतिः, मन्दोदरी-वल्लभः, मन्दोदरीस्वामी** ‘**मिन्**’ (પું.) ઇત્યાદિ.

★

**૧૯. અગત્સ્ય ઋષી :—**

(૧) સમુદ્રવાચક શબ્દોની પાછળ **चुलुक** શબ્દ જોડવાથી અગત્સ્ય ઋષિનાં નામ બને છે. જેમ કે—**समुद्रचुलुकः, सागरचुलुकः, अब्धिचुलुकः** (પું.) ઇત્યાદિ.

★

**૨૦. સ્વર્ગ :—**

(૧) દેવવાચક શબ્દોની પાછળ **आलय, लोक, भुवन, स्थान, सदन** વગેરે શબ્દો જોડવાથી સ્વર્ગનાં નામ બને છે. જેમ કે—**सुरालयः, देवालयः, अमरलोकः, देवलोकः** (પું.), **अमर्त्यभुवनम्, देवस्थानम्, सुरसदनम्** (નપું.) ઇત્યાદિ.

(૨) દેવવાચક શબ્દોની પાછળ પૃથ્વીવાચક શબ્દો જોડવાથી સ્વર્ગનાં નામ બને છે. જેમ કે—**देवभूमिः, सुरमही, अमरावनिः, निर्झररसा, अमर्त्यभूः** (સ્ત્રી.) ઇત્યાદિ.

★

**૨૧. ઇન્દ્ર :—**

(૧) સ્વર્ગવાચક, દેવવાચક, ઇન્દ્રાણીવાચક અને પૂર્વદિશાવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી ઇન્દ્રનાં નામ બને છે. જેમ કે—**द्युपतिः, नाकेशः, देवेशः, सुरेशः, देवेन्द्रः, सुरेन्द्रः, सुरपतिः, देवराजः, शचीशः, शचीपतिः, इन्द्राणीपतिः, पूर्वदिक्पतिः, पूर्वाशाधिपतिः, प्राचीशः, प्राचीपतिः** (પું.) ઇત્યાદિ.

(૨) **सहस्र** શબ્દની પાછળ નેત્રવાચક શબ્દો જોડવાથી ઇન્દ્ર અને પરમેશ્વરનાં નામ બને છે. જેમ કે—**सहस्रनेत्रः, सहस्राक्षः, सहस्रलोचनः** (પું.) ઇત્યાદિ.

(૩) પર્વતવાચક શબ્દો તેમજ **बल, पाक, वृत्र, नमुचि, पुलोमन्** અને **जम्भ** શબ્દની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી ઇન્દ્રનાં નામ બને છે. જેમ કે—**पर्वतारिः, गोत्रशत्रुः, गोत्रभिद्, नगभिद्, नगारिः, अद्रिच्छिद् 'ष्', वलशत्रुः, पाकशत्रुः, वृत्रहा 'हन्', नमुचिवैरी 'इन्', पुलोमारिः, जम्भारिः** (પું.) ઇત્યાદિ.

★

**૨૨. દેવ :—**

(૧) **अदिति** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો તેમજ **ज, जात, जन्मन्,** આદિ શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે. જેમ કે—**अदितिसुतः, अदितिजः, अदितिजातः, अदितिजन्मा 'मन्'** (પું.) ઇત્યાદિ.

(૨) સ્વર્ગવાચક શબ્દોની પાછળ **आलय, ओकस्, भुवन, वास, निवास, सद्, सद्मन्** વગેરે શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે. જેમ કે—**त्रिविष्टपालयः, दिवौकाः 'अस्', स्वर्गौकाः 'अस्', स्वर्गभुवनः, स्वर्गवासः, द्युनिवासः, द्युषद्, द्युसद्मा 'अन्', स्वर्गसदनः** (પું.) ઇ૦

(૩) **स्थिर, निश्चल, दिव्य, अनिमेष** અને **निर्निमेष** શબ્દની પાછળ નેત્રવાચક શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે. જેમ કે—**स्थिरेक्षणः, निश्चलनयनः, दिव्यदृक् 'श्', अनिमेषदृष्टिः, निर्निमेषलोचनः** (પું.) ઇ૦

(૪) **स्वाहा, स्वधा, अमृत, क्रतु** અને **यज्ञ** શબ્દની પાછળ **भुज्, अश, अशन, अन्धस्** વગેરે શબ્દો જોડવાથી દેવનાં નામ બને છે. જેમ કે—**स्वाहाभुक् 'ज्', स्वधाशनः, अमृताशः, अमृतान्धाः 'अस्', क्रतुभुक् 'ज्', यज्ञाशनः** (પું.) ઇત્યાદિ.

(૫) દૈત્યવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી કૃષ્ણુનાં નામ બને છે. જેમ કે—**दैत्यारिः, असुरारिः, असुररिपुः, दितिजद्वेषी 'इन्', असुरवैरी 'इन्'** (પું.) ઇત્યાદિ.

★

## ૨૩. હરિણૈગમેષી દેવ :—

(૧) સેનાવાચક શબ્દોની પૂર્વે ઇન્દ્રવાચક કે દેવવાચક અને પાછળ **पति** કે **अधिपति** શબ્દ જોડવાથી જૈનમતે હરિણૈગમેષી દેવનાં અને ઇતરમતે કાર્તિકસ્વામીનાં નામ બને છે. જેમ કે—**सुरेन्द्रचमूपतिः, इन्द्रध्वजिनीपतिः, पुरन्दरपताकिनीपतिः, देवसेनापतिः, सुरसेनाधिपतिः** (પું.) ઇત્યાદિ.

★

## ૨૪. કુબેર દેવ :—

(૧) ધનવાચક શબ્દોની પાછળ **पति, ईश, ईश्वर, दाय, द** વગેરે શબ્દો જોડવાથી કુબેરનાં નામ બને છે. જેમ કે—**धनपतिः, धनेशः, धनेश्वरः, धनदायः, धनदः, वित्तदः** (પું.) ઇત્યાદિ.

(૨) મહાદેવવાચક શબ્દોની પાછળ મિત્રવાચક શબ્દો જોડવાથી કુબેરનાં નામ બને છે. જેમ કે—**श्रीकण्ठसखः, नीलकण्ठसखः, रुद्रसुहृद्** (પું.) ઇત્યાદિ.

(૩) **यक्ष, निधि, किंपुरुष** અને ઉત્તરદિશાવાચક શબ્દોની પાછળ **पति, अधिपति, ईश, ईश्वर** વગેરે શબ્દો જોડવાથી કુબેરનાં નામ બને છે. જેમ કે—**यक्षपतिः, यक्षाधिपतिः, यक्षेशः, निधीशः, किंपुरुषेश्वरः, उत्तरदिक्पतिः, उत्तराशाधिपतिः, उदीचीपतिः** (પું.) ઇ૦

★

**૨૫. યમ દેવ :—**

(૧) દક્ષિણદિશાવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી યમ દેવનાં નામ બને છે. જેમ કે—**अवाचीपतिः, दक्षिणदिगीशः, दक्षिणेश्वरः, दक्षिणाशाधिपतिः**(પું.)ઇ૦

(૨) યમુનાનદીવાચક શબ્દોની પાછળ ભ્રાતૃવાચક શબ્દો જોડવાથી યમ દેવનાં નામ બને છે. જેમ કે—**यमुनाभ्राता 'तृ', कालिन्दीसोदरः, कालिन्दीसोदर्यः, कालिन्दीसहोदरः, सूर्यपुत्रीसहोदरः** (પું.) ઇત્યાદિ.

(૩) પાડાવાચક શબ્દોની પાછળ ધ્વજવાચક શબ્દો, ચિહ્નવાચક શબ્દો અથવા **वाह, वाहन, यान** વગેરે શબ્દો જોડવાથી યમ દેવનાં નામ બને છે. જેમ કે—**महिषध्वजः, लुलायलाञ्छनः, लुलायाङ्कः, लुलायवाहः, सैरिभवाहनः, हयारियानः** (પું.) ઇત્યાદિ.

(૪) સૂર્યવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી યમ દેવ, મનુ, સુગ્રીવ, કર્ણ અને શનિ ગ્રહનાં નામ બને છે. જેમ કે—**रवितनयः, सूर्यपुत्रः, आदित्यात्मजः, भानुतनुजः** (પું.) ઇત્યાદિ.

★

**૨૬. વરુણ દેવ :—**

(૧) જળવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી વરુણદેવ અને સમુદ્રનાં નામ બને છે. જેમ કે—**जलपतिः, अपांपतिः, वारिनाथः, अपांनाथः, जलेन्द्रः, तोयेशः, वारीश्वरः** (પું.) ઇત્યાદિ.

(૨) પશ્ચિમદિશાવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી વરુણદેવનાં નામ બને છે. જેમ કે—**प्रत्यगाशाधिपतिः, वारुणीवल्लभः, प्रतीचीपतिः** (પું.) ઇત્યાદિ.

★

## ૨૭. શુક્રાચાર્ય :—

(૧) દૈત્યવાચક શબ્દોની પાછળ **देव, गुरु, पूज्य** વગેરે શબ્દો જોડવાથી (અસુરોના ગુરુ) શુક્રાચાર્યનાં નામ બને છે. જેમ કે—**दैत्यदेवः, असुरदेवः, दितिजदेवः, असुरगुरुः, असुरपूज्यः** (પું.) ઇત્યાદિ.

卐

## ૨૮. બૃહસ્પતિ :—

(૧) વાણીવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી બૃહસ્પતિનાં નામ બને છે. જેમ કે—**वाचस्पतिः, गीःपतिः, गीष्पतिः, बृहतीपतिः** (પું.) ઇત્યાદિ.

(૨) દેવવાચક અને ઇન્દ્રવાચક શબ્દોની પાછળ **गुरु, आचार्य, पूज्य, पुरोधस्** કે **पुरोहित** શબ્દ જોડવાથી (દેવોના ગુરુ) બૃહસ્પતિનાં નામ બને છે. જેમ કે—**सुरगुरुः, सुराचार्यः, अनिमेषाचार्यः, अमरपूज्यः, द्युसत्पुरोधाः 'अस्', निर्झरपुरोहितः, इन्द्रगुरुः, सुरपतिपूज्यः, सुरेन्द्रपुरोहितः** (પું.) ઇત્યાદિ.

★

**૨૯. દિક્પાલ :—**

(૧) દિશાવાચક શબ્દોની પાછળ **पाल** શબ્દ જોડવાથી દિક્પાલનાં નામ બને છે. જેમ કે—**दिक्पाल:, आशापाल:, काष्ठापाल:** (પું.) ઇત્યાદિ.

★

**૩૦. દિગ્ગજ :**

(૧) દિશાવાચક શબ્દોની પાછળ **गज** શબ્દ જોડવાથી દિગ્ગજનાં નામ બને છે. જેમ કે—**दिग्गज:, आशागज:, काष्ठागज:** (પું.) ઇત્યાદિ.

卐

**૩૧. અસુર (દૈત્ય) :—**

(૧) **दिति** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો તેમજ **ज, जात, जन्मन्** વગેરે શબ્દો જોડવાથી અસુરનાં નામ બને છે. જેમ કે—**दितिसुत:, दितिज:, दितिजात:, दितिजन्मा 'मन्'** (પું.) ઇત્યાદિ.

(૨) દેવવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી અસુરનાં નામ બને છે. જેમ કે—**सुरारि:, सुरद्वेषी 'इन्', अमरद्विट् 'ष्', विबुधाराति:** (પું.) ઇત્યાદિ.

★

**૩૨. અમૃત :—**

(૧) દેવવાચક શબ્દોની પાછળ આહારવાચક શબ્દો જોડવાથી અમૃતનાં નામ બને છે. જેમ કે—**सुरभोज्यम्, अमर्त्यभक्तम्, त्रिदशभोजनम्** (નપું.), **देवाहार:** (પું.) ઇત્યાદિ.

★

**૩૩. સરસ્વતી :—**

(૧) વાણીવાચક શબ્દોની પાછળ **देवी, देवता** કે **ईश्वरी** શબ્દ જોડવાથી સરસ્વતીનાં નામ બને છે. જેમ કે—**वाग्देवी, भारतीदेवी, वाग्देवता, वागीश्वरी** (સ્ત્રી.) ૪૦

(૨) બ્રહ્માવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી સરસ્વતીનાં નામ બને છે. જેમ કે—**ब्रह्मपुत्री, अजनन्दना, चतुर्मुखतनया, द्रुहिणात्मजा** (સ્ત્રી.) ઇત્યાદિ.

★

**૩૪. સંસ્કૃત ભાષા :—**

(૧) દેવવાચક શબ્દોની પાછળ વાણીવાચક શબ્દો જોડવાથી સંસ્કૃત ભાષાનાં નામ બને છે. જેમ કે—**सुरभारती, गीर्वाणगीः, गीर्वाणगिरा, देववाणी** (સ્ત્રી.) ઇત્યાદિ.

★

**૩૫. આકાશ :—**

(૧) વાયુવાચક, મેઘવાચક, દેવવાચક અને નક્ષત્રવાચક શબ્દોની પાછળ **वर्त्मन्**, **पथ** વગેરે માર્ગવાચક શબ્દો જોડવાથી આકાશનાં નામ બને છે. જેમ કે—**वायुवर्त्म 'मन्', मेघवर्त्म 'मन्', सुरवर्त्म 'मन्', नक्षत्रवर्त्म' 'मन्'** (નપું.), **वायुपथः, अभ्रपथः, सुरपथः, तारापथः, उडुपथः, वायुमार्गः** (પું.) ઇત્યાદિ.

卐

### ૩૬. આકાશગામી :—

(૧) આકાશવાચક શબ્દોની પાછળ **चर**, **गति**, **विहारिन्** વગેરે શબ્દો જોડવાથી આકાશમાં ફરનાર દેવ, વિદ્યાધર, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, પક્ષી વગેરેનાં નામ બને છે. જેમ કે—**खेचरः**, **गगनचरः**, **गगनगतिः**, **गगनविहारी** '**णिन्**' (પું.) ઇત્યાદિ.

★

### ૩૭. સૂર્ય :—

(૧) ઉષ્ણવાચક શબ્દો અને **सहस्र** શબ્દની પાછળ કિરણવાચક શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**उष्णरश्मिः**, **उष्णकिरणः**, **उष्णदीधितिः**, **खरकरः**, **खरांशुः**, **शीतेतररश्मिः**, **सहस्रांशुः**, **सहस्ररश्मिः**, **दशशतरश्मिः** (પું.) ઇત્યાદિ.

(૨) દિવસવાચક શબ્દો તેમજ **प्रभा**, **विभा** અને **भास्** શબ્દની પાછળ **कर** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**दिनकरः**, **दिवाकरः**, **अहस्करः**, **दिवसकरः**, **प्रभाकरः**, **विभाकरः**, **भास्करः** (પું.) ઇત્યાદિ.

(૩) **सप्त** શબ્દની પાછળ અશ્વવાચક શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**सप्तसप्तिः**, **सप्ताश्वः**, **सप्तवाहः**, **सप्तवाजी** '**इन्**', **सप्तघोटकः** (પું.) ઇત્યાદિ.

(૪) કમલવાચક અને કિરણવાચક શબ્દોની પાછળ હસ્તવાચક શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**पद्मपाणिः**, **अब्जहस्तः**, **कमलकरः**, **गभस्तिपाणिः**, **अंशुहस्तः**, **अंशुकरः** (પું.) ઇત્યાદિ.

(૫) ચક્રવાક પક્ષી અને કમલવાચક શબ્દોની પાછળ **बन्धु** કે **बान्धव** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**चक्रवाकबन्धुः, रथाङ्गबन्धुः, कोकबन्धुः, चक्रबान्धवः, कमलबन्धुः, पद्मबन्धुः, अब्जबान्धवः** (પું.) ઇત્યાદિ.

(૬) **ग्रह, अब्जिनी, गो** અને **द्यु** શબ્દની પાછળ **पति** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**ग्रहपतिः, अब्जिनीपतिः** (પું.) ઇત્યાદિ.

(૭) આકાશવાચક શબ્દોની પાછળ **मणि, रत्न** કે **तिलक** શબ્દ જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**द्युमणिः, नभोमणिः, वियन्मणिः** (પું.), **व्योमरत्नम्** (નપું.), **खतिलकः** (પું.) ઇત્યાદિ.

(૮) જગતવાચક શબ્દોની પાછળ **साक्षिन्** શબ્દ જોડવાથી સૂર્ય અને પરમેશ્વરનાં નામ બને છે. જેમ કે—**जगत्साक्षी, भुवनसाक्षी, लोकसाक्षी** '**इन्**' (પું.) ઇત્યાદિ.

(૯) જગતવાચક શબ્દોની પાછળ નેત્રવાચક શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**जगच्चक्षुः** '**षू**', **लोकलोचनः, लोकनेत्रः, लोकनयनः** (પું.) ઇત્યાદિ.

(૧૦) યમુનાવાચક, યમવાચક અને કર્ણવાચક શબ્દોની પાછળ પિતૃવાચક શબ્દો જોડવાથી સૂર્યનાં નામ બને છે. જેમ કે—**यमुनापिता** '**तृ**', **कालिन्दीजनकः, अन्तकपिता** '**तृ**', **यमजनकः, कर्णपिता** '**तृ**', **कानीनजनकः** (પું.) ઇ૦

卐

**૩૮. યમ, કર્ણ, મનુ :—**

(૧) સૂર્યવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો **જોડવાથી** યમ, કર્ણ, મનુ, સુગ્રીવ વાનર અને શનિ ગ્રહનાં નામ બને છે. જેમ કે—**सूर्यपुत्रः, रविनन्दनः** (પું.) ઇત્યાદિ.

★

**૩૯. ચંદ્ર :—**

(૧) શીતવાચક, શ્વેતવાચક અને **अमृत** શબ્દની પાછળ કિરણવાચક શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**शीतद्युतिः, उष्णेतरद्युतिः, हिमद्युतिः, शीतांशुः, हिमांशुः, उष्णेतररश्मिः, श्वेतद्युतिः, श्वेतरोचिः 'ष्', शुक्लकिरणः, अमृतद्युतिः, अमृतदीधितिः, अमृतांशुः** (પું.) ઇત્યાદિ.

(૨) મૃગવાચક અને **शश** શબ્દની પાછળ **अङ्क, लाञ्छन, भृत्** કે **धर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**शशाङ्कः, मृगाङ्कः, एणाङ्कः, हरिणाङ्कः, मृगलाञ्छनः, शशभृत्, एणभृत्, मृगधरः, शशधरः** (પું.) ઇત્યાદિ.

(૩) રાત્રિવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો તેમજ **कर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**रजनिकान्तः, रजनिपतिः, रजनिनाथः, तमिस्रापतिः, रात्रिराट् 'ज्', निशीथिनीनाथः, शर्वरीशः, निशाधीशः, रजनिकरः, निशाकरः, दोषाकरः** (પું.) ઇ॰

(૪) નક્ષત્રવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**नक्षत्रपतिः, नक्षत्रनाथः, उडुपतिः, उडुराजः, तारापतिः, ताराधिपः, ताराधिपतिः, ऋक्षराजः, ऋक्षेशः** (પું.) ઇત્યાદિ.

(૫) રાત્રિવાચક શબ્દોની પાછળ **मणि** કે **रत्न** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**रात्रिमणिः, निशामणिः, दोषामणिः** (પું.), **निशारत्नम्, रजनिरत्नम्** (નપું.) ઇત્યાદિ.

(૬) **कौमुदी, कुमुदिनी, दक्षजा, रोहिणी, द्विज, औषधी** કે **ओषधी** શબ્દની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**कौमुदीपतिः, कुमुदिनीनाथः, दक्षजापतिः, रोहिणीवल्लभः, द्विजेशः, द्विजेन्द्रः, औषधीपतिः, औषधीशः, ओषधीनाथः** (પું.) ઇત્યાદિ.

(૭) **कौमुदी, ज्योत्स्ना, कुमुद** અને **कैरव** શબ્દની પાછળ **प्रिय, सुहृद्** કે **बन्धु** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**कौमुदीप्रियः, ज्योत्स्नाप्रियः, कुमुदप्रियः, कैरवसुहृद् , कैरवबन्धुः** (પું.) ઇત્યાદિ.

(૮) **दश, श्वेत** અને **सित** શબ્દની પાછળ અશ્વવાચક શબ્દો જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**दशाश्वः, दशवाजी 'इन्', श्वेतवाजी 'इन्', सिताश्वः** (પું.) ઇ૦

(૯) હિમવાચક શબ્દોની પાછળ **कर** શબ્દ જોડવાથી ચંદ્રનાં નામ બને છે. જેમ કે—**तुषारकरः, तुहिनकरः, हिमकरः** (પું.) ઇત્યાદિ.

(૧૦) સમુદ્રવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી ચંદ્રનાં અને ઉચ્ચૈઃશ્રવા (ઇન્દ્રનો ઘોડો)નાં નામ બને છે. જેમ કે—**समुद्रसूनुः, सागरनन्दनः, अब्धिसुतः** (પું.) ઇ૦

(૧૧) લક્ષ્મીવાચક શબ્દોની પાછળ ભ્રાતૃવાચક શબ્દો જોડવાથી ચંદ્ર, ઉચ્ચૈઃશ્રવા અને શંખનાં નામ બને છે. જેમ કે—**श्रीभ्राता 'तृ', रमाबन्धुः, गोमिनीबान्धवः** (પું.) ૪૦

卐

**૪૦. મંગળ ગ્રહ :—**

(૧) પૃથ્વીવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો તથા **ज, जात** વગેરે શબ્દો જોડવાથી મંગળ ગ્રહનાં નામ બને છે. જેમ કે—**क्षितिसुतः, भूमिपुत्रः, क्षितिजः, महीजातः** (પું.) ઇત્યાદિ.

★

**૪૧. બુધ ગ્રહ :—**

(૧) ચંદ્રવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો તથા **ज, जात** વગેરે શબ્દો જોડવાથી બુધ ગ્રહનાં નામ બને છે. જેમ કે—**सोमपुत्रः, सोमसुतः, चन्द्रात्मजः, विधुनन्दनः, इन्दुजः, इन्दुजातः** (પું.) ઇત્યાદિ.

卐

**૪૨. શનિ ગ્રહ :—**

(૧) સૂર્યવાચક શબ્દો તથા **छाया** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી શનિ ગ્રહનાં નામ બને છે. જેમ કે—**सूर्यपुत्रः, छायात्मजः, छायापुत्रः** (પું.) ઇત્યાદિ.

★

**૪૩. રાહુ ગ્રહ :—**

(૧) **सिंही** કે **सिंहिका** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી રાહુ ગ્રહનાં નામ બને છે. જેમ કે—**सिंहीपुत्रः, सिंहिकासूनुः** (પું.) ઇત્યાદિ.

**૪૪. સૂર્ય, ચંદ્ર, અગ્નિ :—**

(૧) અંધકારવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો અને **नुद्**, **नुद**, **हन्**, **अपहन्**, **हन्तृ**, **हर** કે **भिद्** શબ્દ જોડવાથી સૂર્ય, ચંદ્ર, અગ્નિ, દીવો, બોધ, જ્ઞાન અને પરમેશ્વરનાં નામ બને છે. જેમ કે—**तमोऽरिः**, **तिमिरारिः**, **अन्धकाररिपुः**, **तिमिरनुद्**, **तिमिरभिद्**, **तमोनुदः**, **तमोघ्नः** (પું.) ઇત્યાદિ.

★

**૪૫. મેઘ :—**

(૧) જળવાચક શબ્દોની પાછળ **द**, **धर**, **मुच्**, **वाह** કે **वाहन** શબ્દ જોડવાથી મેઘનાં નામ બને છે. જેમ કે—**जलदः**, **वारिदः**, **तोयदः**, **जलधरः**, **अम्बुधरः**, **जलमुक्** '**च्**', **वारिमुक्** '**च्**', **वारिवाहः**, **वारिवाहनः** (પું.) ૪૦

(૨) વિદ્યુતવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી મેઘનાં નામ બને છે. જેમ કે—**शम्पापतिः**, **विद्युत्पतिः**, **तडित्पतिः** (પું.) ઇત્યાદિ.

★

**૪૬. પૃથ્વી :—**

(૧) સમુદ્રવાચક શબ્દોની પાછળ વસ્ત્રવાચક અને મેખલાવાચક શબ્દો જોડવાથી પૃથ્વીનાં નામ બને છે. જેમ કે—**सागराम्बरा**, **समुद्ररशना**, **अब्धिमेखला**, **समुद्रकाञ्ची** (સ્ત્રી.) ઇત્યાદિ.

★

**૪૭. અગ્નિ :—**

(૧) પવનવાચક શબ્દોની પાછળ મિત્રવાચક શબ્દો જોડવાથી અગ્નિનાં નામ બને છે. જેમ કે—**पवनसखः**, **वायुसखः**, **वायुमित्रः**, **समीरसहचरः** (પું.) ઇત્યાદિ.

(૨) **सप्त** શબ્દની પાછળ કિરણવાચક, જિહ્વાવાચક અને જ્વાળાવાચક શબ્દો જોડવાથી અગ્નિનાં નામ બને છે. જેમ કે—**सप्तदीधितिः, सप्तांशुः, सप्तार्चिः 'ष्', सप्तमयूखः, सप्तजिह्वः, सप्तज्वालः** (પું.) ઇત્યાદિ.

★

## ૪૮. વાયુ :—

(૧) અગ્નિવાચક શબ્દોની પાછળ મિત્રવાચક શબ્દો જોડવાથી પવનનાં નામ બને છે. જેમ કે—**अग्निसखः, वह्निसहायः, अनलसखः, दहनसहचरः** (પું.) ઇત્યાદિ.

(૨) વિશ્વવાચક શબ્દોની પાછળ **आयुस्, प्राण** કે **आधार** શબ્દ જોડવાથી પવનનાં નામ બને છે. જેમ કે—**जगदायुः, विश्वायुः, जगत्प्राणः, विश्वप्राणः, जगदाधारः, विश्वाधारः** (પું.) ઇત્યાદિ.

★

## ૪૯. પાણી :—

(૧) અગ્નિવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો તથા **शामक, मारक** વગેરે શબ્દો જોડવાથી પાણીનાં નામ બને છે. જેમ કે—**अनलरिपुः, वह्निशत्रुः, दहनारिः, दहनारातिः** (પું.), **अग्निशामकम्, वह्निमारकम्** (નપું.)ઇ૦

卐

## ૫૦. ઉકાળેલું પાણી :—

(૧) **सिद्ध, प्रासुक** કે **पक्व** શબ્દની પાછળ જળવાચક શબ્દો જોડવાથી ઉકાળેલા પાણીનાં નામ બને છે. જેમ કે—**सिद्धजलम्, सिद्धतोयम्, सिद्धोदकम्, प्रासुकजलम्, प्रासुकसलिलम्, पक्वजलम्, पक्वोदकम्** (નપું.) ઇત્યાદિ.

★

**૫૧. સમુદ્ર :—**

(૧) નદીવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી સમુદ્રનાં નામ બને છે. જેમ કે—**सरिन्नाथ:, स्रोतस्विनीपति:, नदीन:, नदीश्वर:, नदीश:, सरिद्वल्लभ:** (પું.) ઇત્યાદિ.

(૨) જળવાચક શબ્દોની પાછળ **धर, धि, निधि, आकर** કે **राशि** શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે. જેમ કે—**जलधर:, अम्बुधर:, जलधि:, वारिधि:, जलनिधि:, अम्बुनिधि:, जलाकर:, जलराशि:, वारिराशि:** (પું.) ઇત્યાદિ.

(૩) રત્નવાચક અને મત્સ્યવાચક શબ્દોની પાછળ **आकर** શબ્દ જોડવાથી સમુદ્રનાં નામ બને છે. જેમ કે—**रत्नाकर:, मीनाकरः, मत्स्याकरः, मकराकरः** (પું.) ઇ૦

★

**૫૨. નદી :—**

(૧) સમુદ્રવાચક શબ્દોની પાછળ પત્નીવાચક શબ્દો તેમજ **गा** શબ્દ જોડવાથી નદીનાં નામ બને છે. જેમ કે—**समुद्रदयिता, सागरवल्लभा, अब्धिकान्ता, समुद्रप्रिया, सरिन्नाथपत्नी, जलधिगा, नीरधिगा** (સ્ત્રી૦) ઇત્યાદિ.

(૨) **तरङ्ग, तट, ह्रद, शैवल, सरस्, स्रोतस्, निर्झर, वाह, द्विप** અને **जम्बाल** શબ્દને મત્વર્થક પ્રત્યયો લગાડવાથી નદીનાં નામ બને છે. જેમ કે—**तरङ्गिणी, तटिनी, सरस्वती, स्रोतस्विनी, द्विपवती** (સ્ત્રી૦) ઇત્યાદિ.

★

**૫૩. ગંગા નદી :—**

(૧) દેવવાચક અને સ્વર્ગવાચક શબ્દોની પાછળ નદીવાચક શબ્દો જોડવાથી ગંગા નદીનાં નામ બને છે. જેમ કે—**सुरनदी, अमरधुनी, निर्झरतरङ्गिणी, सुरसरित्, स्वर्धुनी** (સ્ત્રી.)ઇ૦

(૨) માર્ગવાચક શબ્દોની પૂર્વે **त्रि** અને પાછળ **गा** શબ્દ જોડવાથી ગંગા નદીનાં નામ બને છે. જેમ કે—**त्रिमार्गगा, त्रिपथगा, त्र्यध्वगा** (સ્ત્રી.) ઇત્યાદિ.

★

**૫૪. યમુના નદી :—**

(૧) સૂર્યવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી યમુના નદીનાં નામ બને છે. જેમ કે—**सूर्यपुत्री, रविनन्दना, सहस्रांशुसुता, भास्करात्मजा** (સ્ત્રી.) ઇત્યાદિ.

(૨) યમદેવવાચક શબ્દોની પાછળ **स्वसृ, भगिनी, अनुजा** કે **अवरजा** શબ્દ જોડવાથી યમુના નદીનાં નામ બને છે. જેમ કે—**यमस्वसा 'सृ', कृतान्तभगिनी, कालानुजा, अन्तकावरजा** (સ્ત્રી.) ઇત્યાદિ.

★

**૫૫. નર્મદા નદી :—**

(૧) ચંદ્રવાચક શબ્દોની પાછળ પુત્રીવાચક શબ્દો જોડવાથી નર્મદા નદીનાં નામ બને છે. જેમ કે—**सोमसुता, इन्दुतनया, विधुनन्दना, हिमांशुदुहिता 'तृ'** (સ્ત્રી.) ઇત્યાદિ.

卐

૫૬. શેવાળ :—

(૧) જળવાચક શબ્દોની પાછળ કેશવાચક શબ્દો તેમજ **चामर** શબ્દ જોડવાથી પાણીમાં થતી શેવાળનાં નામ બને છે. જેમ કે—**जलकेशः, सलिलकुन्तलः** (પું.), **अम्बुचामरम्, वारिचामरम्** (નપું.) ઇત્યાદિ.

★

૫૭. કમળ :—

(૧) જળવાચક અને કાદવવાચક શબ્દોની પાછળ **ज, जात, उद्भव, रुह्** કે **रुह** શબ્દ જોડવાથી કમળનાં નામ બને છે. જેમ કે—**जलजम्, पङ्कजम्, जलजातम्, पङ्कजातम्, सलिलोद्भवम्, जलरुद् 'ह्', पङ्करुहम्** (નપું.) ઇત્યાદિ.

★

૫૮. પરાગ :—

(૧) પુષ્પવાચક શબ્દોની પાછળ ધૂલિવાચક શબ્દો તેમજ **निर्यास, रस** કે **सार** શબ્દ જોડવાથી પુષ્પની પરાગનાં નામ બને છે. જેમ કે—**पुष्परजः 'स्'** (નપું.), **प्रसूनधूलिः**(સ્ત્રી.), **पुष्पनिर्यासः, पुष्परसः, कुसुमसारः** (પું.) ઇત્યાદિ.

卐

૫૯. પર્વત :—

(૧) પૃથ્વીવાચક શબ્દોની પાછળ **धर, भर** કે **भृत्** શબ્દ જોડવાથી પર્વત અને રાજાનાં નામ બને છે. જેમ કે—**महीधरः, भूधरः, भूमिधरः, भूभरः, भूमिभरः, भूभृत्, भूमिभृत्, अवनिभृत्** (પું.) ઇત્યાદિ.

卐

**૬૦. હિમાલય :—**

(૧) પર્વતવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી હિમાલયનાં નામ બને છે. જેમ કે—**गिरीशः, गिरिराजः, शैलेशः, शैलराजः, शैलेन्द्रः, नगेन्द्रः, नगाधिराजः** (પું) ઇત્યાદિ.

(૨) હિમવાચક શબ્દોની પાછળ પર્વતવાચક શબ્દો જોડવાથી હિમાલયનાં નામ બને છે. જેમ કે—**हिमगिरिः, हिमाद्रिः, हिमाचलः, तुहिनशैलः, तुषारगिरिः** (પું.) ઇ૰

(૩) **मेना** કે **मेनका** શબ્દની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી હિમાલયનાં નામ બને છે. જેમ કે—**मेनापतिः, मेनकापतिः, मेनाधवः, मेनकाप्राणेशः** (પું.) ઇત્યાદિ.

★

**૬૧. વસંત ઋતુ :—**

(૧) પુષ્પવાચક શબ્દોની પાછળ **आगम** શબ્દ જોડવાથી વસંત ઋતુનાં નામ બને છે. જેમ કે—**पुष्पागमः, कुसुमागमः, प्रसूनागमः** (પું.) ઇત્યાદિ.

★

**૬૨. વૃક્ષ :—**

(૧) પૃથ્વીવાચક શબ્દોની પાછળ **रुह** શબ્દ જોડવાથી વૃક્ષનાં નામ બને છે. જેમ કે—**भूरुहः, भूमिरुहः** (પું.) ઇત્યાદિ.

(૨) થડ, શાખા, કૂંપળ, ફળ, ફૂલ, પાંદડાં વગેરે વૃક્ષના અવયવોને મત્વર્થક પ્રત્યયો લગાડવાથી વૃક્ષનાં નામ બને છે. જેમ કે—**शाखी** ‘ **इन्** ’, **पलाशी** ‘ **इन्** ’, **विटपी** ‘ **इन्** ’, **फलवान्** ‘ **वत्** ’, **फली** ‘ **इन्** ’, **पत्री** ‘ **इन्** ’ (પું.) ઇત્યાદિ.

★

**૬૩. આંબો :—**

(૧) વસંતઋતુવાચક શબ્દોની પાછળ વૃક્ષવાચક શબ્દો જોડવાથી આંબાનાં નામ બને છે. જેમ કે—**वसंतवृक्षः, पुष्पागमपादपः, मधुतरुः** (પું.) ઇત્યાદિ.

(૨) **काम** શબ્દની પાછળ **वल्लभ, सख, शर, आयुध, अङ्ग** કે **फल** શબ્દ જોડવાથી આંબાનાં નામ બને છે. જેમ કે—**कामवल्लभः, कामसखः, कामशरः** (પું.) ઇત્યાદિ.

★

**૬૪. પીપળો :—**

(૧) **बोधि** શબ્દની પાછળ વૃક્ષવાચક શબ્દો જોડવાથી પીપળાનાં નામ બને છે. જેમ કે—**बोधिद्रुमः, बोधितरुः, बोधिवृक्षः** (પું.) ઇત્યાદિ.

★

**૬૫. લાખ :—**

(૧) વૃક્ષવાચક શબ્દોની પાછળ **व्याधि** શબ્દ જોડવાથી લાખનાં નામ બને છે. જેમ કે—**वृक्षव्याधिः, द्रुमव्याधिः, तरुव्याधिः** (પું.) ઇત્યાદિ.

★

**૬૬. કંટક :—**

(૧) વૃક્ષવાચક શબ્દોની પાછળ **नख** શબ્દ જોડવાથી કંટકનાં નામ બને છે. જેમ કે—**द्रुणखः, द्रुमनखः, तरुणखः** (પું.) ઇત્યાદિ.

★

**૬૭. મનુષ્ય :—**

(૧) પૃથ્વીવાચક શબ્દોની પાછળ **स्पृश्** શબ્દ જોડવાથી મનુષ્યનાં નામ બને છે. જેમ કે—**भूस्पृक् 'श्', भूमिस्पृक् 'श्', महीस्पृक् 'श्'** (પું.) ઇત્યાદિ.

★

**૬૮. કેશ :—**

(૧) મસ્તકવાચક શબ્દોની પાછળ **ज, रुह, रुह्** વગેરે શબ્દો જોડવાથી મસ્તકના કેશનાં નામ બને છે. જેમ કે— **मूर्द्धजः, शिरोजः, शिरोरुह् 'ह्'** (પું.) ઇત્યાદિ.

★

**૬૯. પાઘડી :—**

(૧) મસ્તકવાચક શબ્દોની પાછળ **वेष्ट** કે **वेष्टन** શબ્દ જોડવાથી પાઘડી, સાફો, ફેંટા, ફાળિયું વગેરેનાં નામ બને છે. જેમ કે—**शिरोवेष्टः** (પું.), **शिरोवेष्टनम्, मूर्द्धवेष्टनम्** (નપું.) ઇત્યાદિ.

卐

**૭૦. ચશ્મા :—**

(૧) નેત્રવાચક શબ્દોની પૂર્વે **उप** શબ્દ જોડવાથી ચશ્માનાં નામ બને છે. જેમ કે—**उपनेत्रम्, उपचक्षुः** (નપું.) ઇ૦

★

**૭૧. આંસુ :—**

(૧) નેત્રવાચક શબ્દોની પાછળ જળવાચક શબ્દો જોડવાથી આંખમાંથી ઝરતાં આંસુનાં નામ બને છે. જેમ કે—**नेत्रजलम्, नयननीरम्, दृगम्बु** (નપું.) ઇત્યાદિ.

卐

**૭૨. પાંપણુ :—**

( ૧ ) નેત્રવાચક શબ્દોની પાછળ વસ્ત્રવાચક શબ્દ જોડવાથી આંખની પાંપણુ–પોપચાનાં નામ બને છે. જેમ કે—**नयनपटः** ( પું. ), **नेत्रवस्त्रम्** ( નપું. ) ઇત્યાદિ.

卐

**૭૩. રુવાંટું :—**

( ૧ ) શરીરવાચક શબ્દોની પાછળ **रुह्** કે **रुह** શબ્દ જોડવાથી રુવાંટાનાં નામ બને છે. જેમ કે—**गात्ररुद् ' ह् '**, **कायरुद् ' ह् '**, **अङ्गरुहम्**, **तनुरुहम्** ( નપું. ) ઇત્યાદિ.

★

**૭૪. પરસેવો :—**

( ૧ ) શરીરવાચક શબ્દોની પાછળ **सर** શબ્દ જોડવાથી પરસેવાનાં નામ બને છે. જેમ કે—**तनुसरः**, **कायसरः**, **देहसरः** (પું.) ઇત્યાદિ.

卐

**૭૫. હાથનો ખોબો :—**

( ૧ ) હસ્તવાચક શબ્દોની પાછળ **कलश** શબ્દ જોડવાથી હાથના ખોબાનાં નામ બને છે. જેમ કે—**करकलशः**, **हस्तकलशः** (પું.) ઇત્યાદિ.

★

**૭૬. હાથના નખ :—**

( ૧ ) હસ્તવાચક શબ્દોની પાછળ **कण्टक**, **बाल**, **ज**, **रुह** વગેરે શબ્દો જોડવાથી હાથના નખનાં નામ બને છે. જેમ કે—**हस्तकण्टकः**, **करबालः**, **पाणिजः**, **करजः**, **कररुहः** ( પું. ) ઇત્યાદિ.

★

## ૭૭. કંદોરો :—

( ૧ ) સુવર્ણવાચક શબ્દોની પાછળ **सूत्र** શબ્દ જોડવાથી કેડના કંદોરાનાં નામ બને છે. જેમ કે— **सुवर्णसूत्रम्, कनकसूत्रम्, हेमसूत्रम्** ( નપું. ) ઇત્યાદિ.

卐

## ૭૮. રાજા :—

( ૧ ) પૃથ્વીવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો તેમજ **रक्षिन्, पाल, प** વગેરે શબ્દો જોડવાથી રાજાનાં નામ બને છે. જેમ કે—**भूपतिः, भूनाथः, धराधिपः, वसुधाधिपतिः, महीश्वरः, मेदिनीनाथः, क्षितिरक्षी 'इन्', भूपालः, महीपालः, भूपः, क्ष्मापः, अवनिपः** (પું.) ઇત્યાદિ.

( ૨ ) મનુષ્યવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી રાજાનાં નામ બને છે. જેમ કે—**नृपतिः, नरपतिः, नरनाथः, नरेशः, नरेश्वरः, मानवेनः** ( પું. ) ઇત્યાદિ.

( ૩ ) સભાવાચક અને નગરવાચક શબ્દોની પાછળ **पति, अधिप** કે **अधिपति** શબ્દ જોડવાથી રાજાનાં નામ બને છે. જેમ કે—**सभापतिः, सभाधिपः, आस्थानाधिपतिः, नगरपतिः, पुराधिपः, पत्तनाधिपतिः** ( પું. ) ઇત્યાદિ.

( ૪ ) દૂતવાચક શબ્દોની પાછળ મુખવાચક શબ્દો જોડવાથી રાજાનાં નામ બને છે. જેમ કે—**चारमुखः, स्पशास्यः, दूताननः, प्रणिधिवक्त्रः** ( પું. ) ઇત્યાદિ.

(૫) ચરપુરુષવાચક શબ્દોની પાછળ નેત્રવાચક શબ્દો જોડવાથી રાજાનાં નામ બને છે. જેમ કે—**चारदृक् 'श्'**, **चारलोचनः**, **चरचक्षुः**, **चरेक्षणः**, **दूतदृक् 'श्'** (પું.) ઇ૦

★

### ૭૯. સેનાપતિ :—

(૧) સેનાવાચક શબ્દોની પાછળ **पति** શબ્દ જોડવાથી સેનાપતિનાં નામ બને છે. જેમ કે—**सेनापतिः**, **चमूपतिः**, **ध्वजिनीपतिः**, **वाहिनीपतिः** (પું.) ઇત્યાદિ.

★

### ૮૦. સૈનિક :—

(૧) સેનાવાચક શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી સૈનિકનાં નામ બને છે. જેમ કે—**सेनाचरः**, **चमूचरः**, **सैन्यचरः** (પું.) ઇત્યાદિ.

★

### ૮૧. યુધિષ્ઠિર :—

(૧) યમદેવવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી યુધિષ્ઠિરનાં નામ બને છે. જેમ કે—**धर्मपुत्रः**, **धर्मात्मजः**, **समवर्तिपुत्रः**, **मृत्युनन्दनः**, **यमोद्भहः** (પું.) ઇ૦

(૨) **अजात** શબ્દની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી યુધિષ્ઠિરનાં નામ બને છે. જેમ કે—**अजातशत्रुः**, **अजातरिपुः**, **अजातारिः** (પું.) ઇત્યાદિ.

卐

## ૮૨. અર્જુન :—

( ૧ ) ઇન્દ્રવાચક શબ્દોની પાછળ પુત્રવાચક શબ્દો જોડવાથી અર્જુનનાં નામ બને છે. જેમ કે—**शक्रनन्दनः, आखण्डलसूनुः, इन्द्रात्मजः, वज्रितनयः** (પું.) ઇત્યાદિ.

( ૨ ) શ્વેતવાચક શબ્દોની પાછળ અશ્વવાચક શબ્દો જોડવાથી અર્જુનનાં નામ બને છે. જેમ કે—**श्वेतवाजी ' इन् ', सिताश्वः, पाण्डुरवाहः** (પું.) ઇત્યાદિ.

( ૩ ) વાનરવાચક શબ્દોની પાછળ ધ્વજવાચક કે ચિહ્નવાચક શબ્દો જોડવાથી અર્જુનનાં નામ બને છે. જેમ કે—**कपिध्वजः, कपिकेतुः, वानरलाञ्छनः, मर्कटाङ्कः** (પું.) ઇ૦

( ૪ ) કર્ણવાચક શબ્દોની પાછળ શત્રુવાચક તથા **हन्तृ, घातक** વગેરે શબ્દો જોડવાથી અર્જુનનાં નામ બને છે. જેમ કે—**कर्णारिः, कानीनवैरी ' इन् ', रविसुतरिपुः, सूर्यपुत्रहन्ता ' तृ ', कर्णघातकः** (પું.) ઇત્યાદિ.

卐

## ૮૩. ભીમસેન :—

( ૧ ) **कुरु, कीचक, किर्मीर, बक** અને **हिडिम्ब** શબ્દની પાછળ શત્રુવાચક તથા **हन्तृ, घातक** વગેરે શબ્દો જોડવાથી ભીમનાં નામ બને છે. જેમ કે—**कुरुशत्रुः, कीचकद्वेषी ' इन् ', किर्मीरारिः, बकहन्ता ' तृ ', हिडिम्बघातकः** (પું.) ઇત્યાદિ.

★

## ૮૪. પુત્ર :—

(૧) શરીરવાચક શબ્દોની પાછળ **भू, भव, उद्भव, ज, जात, जन्मन्** વગેરે શબ્દો જોડવાથી પુત્ર, કામદેવ અને રોગનાં નામ બને છે. જેમ કે—**देहभूः, अङ्गभूः, तनुभवः, कायोद्भवः, शरीरजः, अङ्गजः, तनुजः, मूर्तिजातः, कायजन्मा 'मन्'** (પું.) ઇત્યાદિ.

卐

## ૮૫. બ્રાહ્મણ :—

(૧) પૃથ્વીવાચક શબ્દોની પાછળ દેવવાચક શબ્દો જોડવાથી બ્રાહ્મણનાં નામ બને છે. જેમ કે—**भूदेवः, धरामरः, महीसुरः** (પું.) ઇત્યાદિ.

(૨) મુખવાચક શબ્દોની પાછળ **ज, जात, जन्मन्, सम्भव** વગેરે શબ્દો જોડવાથી બ્રાહ્મણ અને દાંતનાં નામ બને છે. જેમ કે—**मुखजः, मुखजातः, आस्यजन्मा 'मन्', वदनसम्भवः** (પું.) ઇત્યાદિ.

(૩) જન્મવાચક શબ્દોની પૂર્વે **द्वि** શબ્દ જોડવાથી બ્રાહ્મણ, પક્ષી, દાંત અને સાધુનાં નામ બને છે. જેમ કે—**द्विजः, द्विजातः, द्विजन्मा 'मन्'** (પું.) ઇત્યાદિ.

★

## ૮૬. સોની :—

(૧) સુવર્ણવાચક શબ્દોની પાછળ **कृत, कार** કે **कारक** શબ્દ જોડવાથી સોનીનાં નામ બને છે. જેમ કે—**स्वर्णकृत्, हेमकृत्, स्वर्णकारः, हेमकारः, कनककारकः, हिरण्यकारकः** (પું.) ઇત્યાદિ.

★

૮૭. કલાલ :—

(૧) મદિરાવાચક શબ્દોની પાછળ **विक्रयिन्**, **विधायिन्**, **जीव**, **जीविन्** કે **पण्य** શબ્દ જોડવાથી કલાલનાં નામ બને છે. જેમ કે—**मदिराविक्रयी 'इन्'**, **मधुविधायी 'इन्'**, **सुराजीवः**, **मद्यजीवी 'इन्'**, **मधुपण्यः** (પું.) ૪૦

卐

૮૮. ભીલ :—

(૧) વનવાચક શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી ભીલનાં નામ બને છે. જેમ કે—**वनेचरः**, **काननचरः**, **अरण्यानीचरः** (પું.) ઇત્યાદિ.

★

૮૯. મહાવત :—

(૧) હસ્તિવાચક શબ્દોની પાછળ **यन्तृ** કે **यातृ** શબ્દ જોડવાથી મહાવતનાં નામ બને છે. જેમ કે—**गजयन्ता 'तृ'**, **हस्तियाता 'तृ'** (પું.) ઇત્યાદિ.

卐

૯૦. અંધ :—

(૧) નેત્રવાચક શબ્દોની પાછળ **रहित**, **वर्जित**, **हीन** કે **शून्य** શબ્દ જોડવાથી અંધનાં નામ બને છે. જેમ કે—**नेत्ररहितः**, **लोचनवर्जितः**, **चक्षुर्हीनः**, **ईक्षणशून्यः** (ત્રિ.)૪.

★

**૯૧. દરિદ્રી :—**

( ૧ ) ધનવાચક શબ્દોની પાછળ **रहित, वर्जित, हीन** કે **शून्य** શબ્દ જોડવાથી દરિદ્રીનાં નામ બને છે. જેમ કે—**द्रव्यरहितः, वसुवर्जितः, धनहीनः, वित्तशून्यः** (त्रि.) ૪૦

★

**૯૨. મૂર્ખ :—**

( ૧ ) બુદ્ધિવાચક શબ્દોની પાછળ **रहित, वर्जित, हीन** કે **शून्य** શબ્દ જોડવાથી મૂર્ખનાં નામ બને છે. જેમ કે—**प्रज्ञारहितः, मतिवर्जितः, बुद्धिहीनः, धीशून्यः** (त्रि.) ૪૦

★

**૯૩. વેશ્યા :—**

( ૧ ) **वार** અને **पण्य** શબ્દની પાછળ સ્ત્રીવાચક શબ્દો જોડવાથી વેશ્યાનાં નામ બને છે. જેમ કે—**वारस्त्री, वारयोषित्, वारनारी, वारसुन्दरी, पण्यस्त्री, पण्याङ्गना, वारवनिता** ( સ્ત્રી. ) ઇત્યાદિ.

★

**૯૪. ચોર અને વારસદાર :—**

( ૧ ) ધનવાચક શબ્દોની પાછળ **हर, हारक** કે **हारिन्** શબ્દ જોડવાથી ચોર અને વારસદારનાં નામ બને છે. જેમ કે—**धनहरः, वित्तहारकः, वसुहारी 'णिन्', द्रव्यहारी 'णिन्'** ( त्रि. ) ઇત્યાદિ.

卐

**૯૫. રાક્ષસ અને ચોર :—**

(૧) રાત્રિવાચક શબ્દોની પાછળ **चर**, **चारिन्**, **विहार** કે **विहारिन्** શબ્દ જોડવાથી રાક્ષસ, ચોર, જાર, ઘુવડ, બિલાડો, ચક્રવાક પક્ષી, પહેરેગીર, સર્પ, શિયાળ વગેરેનાં નામ બને છે. જેમ કે—**रात्रिचरः**, **नक्तंचरः**, **निशाचारी** '**णिन्**', **निशाविहारः**, **रजनिविहारी** '**णिन्**' (પું.) ૪૦

( વ્યુત્પત્તિવશાત્ આવા શબ્દો વિશેષણરૂપ બનતા હોવાથી ત્રણેય લિંગમાં વાપરી શકાય છે. )

★

**૯૬. મૃત્યુ :—**

(૧) કીર્તિવાચક શબ્દો તેમજ **नामन्** શબ્દની પાછળ **शेष** શબ્દ જોડવાથી મૃત્યુનાં નામ બને છે. જેમ કે—**कीर्तिशेषः**, **यशश्शेषः**, **ख्यातिशेषः**, **नामशेषः** ( ત્રિ. ) ઇત્યાદિ.

(૨) શરીરવાચક શબ્દોની પાછળ **त्याग** કે **उत्सर्ग** શબ્દ જોડવાથી મૃત્યુનાં નામ બને છે. જેમ કે—**देहत्यागः**, **शरीरत्यागः**, **देहोत्सर्गः**, **शरीरोत्सर्गः** (પું.) ઇત્યાદિ.

卐

**૯૭. મૃતક :—**

(૧) ભૂમિવાચક શબ્દોની પાછળ **वर्द्धन** શબ્દ જોડવાથી મડદું—શબનાં નામ બને છે. જેમ કે—**भूवर्द्धनम्**, **भूमिवर्द्धनम्** ( નપું. ) ઇત્યાદિ.

★

**૯૮. જીવ-પ્રાણી :—**

(૧) શરીરવાચક શબ્દોની પાછળ **भृत्, धर, धारक** કે **धारिन्** શબ્દ જોડવાથી જીવ-પ્રાણીનાં નામ બને છે. જેમ કે—**कायभृत्, देहभृत्, कायधरः, तनुधरः, अङ्गधारकः, देहधारी 'णिन्', शरीरधारी 'णिन्'** (પું.) ઇત્યાદિ.

卐

**૯૯. સિંહ :—**

(૧) હસ્તિવાચક અને હરણવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી સિંહનાં નામ બને છે. જેમ કે—**नागारिः, गजारिः, गजरिपुः, नागारातिः, मातङ्गशत्रुः, मृगारिः, मृगारातिः, मृगरिपुः** (પું.) ઇત્યાદિ.

(૨) મુખવાચક શબ્દોની પૂર્વે **पञ्च** શબ્દ જોડવાથી સિંહ, મહાદેવ અને રુદ્રાક્ષનાં નામ બને છે. જેમ કે—**पञ्चाननः, पञ्चमुखः, पञ्चास्यः** (પું.) ઇત્યાદિ.

★

**૧૦૦. હાથી :—**

(૧) વૃક્ષવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી હાથીનાં નામ બને છે. જેમ કે—**नगारिः, द्रुमरिपुः, पादपारातिः** (પું.) ઇત્યાદિ.

(૨) પર્વતવાચક અને ઉન્નતવાચક શબ્દોની પાછળ શરીરવાચક શબ્દો જોડવાથી હાથીનાં નામ બને છે. જેમ કે—

**पर्वतकायः, अद्रितनुः, महाकायः, विशालकायः, तुङ्गतनुः, उन्नततनुः, उन्नतकायः, बृहच्छरीरः, बृहत्कायः** (પું.) ઇત્યાદિ.

(૩) પૃથ્વીવાચક શબ્દોની પાછળ મેઘવાચક શબ્દો **જોડવાથી** હાથીનાં નામ બને છે. જેમ કે—**भूमेघः, महीमेघः** (પું.) ઇ૦

卐

**૧૦૧. હરણ :—**

(૧) ચર્મવાચક શબ્દોની પાછળ **योनि** શબ્દ જોડવાથી હરણનાં નામ બને છે. જેમ કે—**अजिनयोनिः, चर्मयोनिः, कृत्तियोनिः** (પું.) ઇત્યાદિ.

★

**૧૦૨. વાંદરો :—**

(૧) વૃક્ષવાચક શબ્દોની પાછળ **चर** કે **मृग** શબ્દ જોડવાથી વાંદરાનાં નામ બને છે. જેમ કે—**वृक्षचरः, तरुचरः, तरुमृगः, शाखिमृगः** (પું.) ઇત્યાદિ.

★

**૧૦૩. ઊંટ :—**

(૧) **वक्र** અને **कुटिल** શબ્દની પાછળ ગરદનવાચક શબ્દો **જોડવાથી** ઊંટનાં નામ બને છે. જેમ કે—**वक्रग्रीवः, वक्रगलः, कुटिलकण्ठः** (પું.) ઇત્યાદિ.

(૨) **लम्ब** અને **दीर्घ** શબ્દની પાછળ ગરદનવાચક શબ્દો જોડવાથી ઊંટ અને જિરાફનાં નામ બને છે. જેમ કે—**लम्बग्रीवः, लम्बकण्ठः, दीर्घग्रीवः, दीर्घगलः** (પું.) ઇ૦

★

**૧૦૪. પાડો :—**

(૧) અશ્વવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી પાડાનાં નામ બને છે. જેમ કે—**हयारिः, वाहरिपुः, सप्तिशत्रुः, तुरगारातिः, तुरङ्गमवैरी ' इन् '** (પું.) ૪૦

(૨) યમદેવવાચક શબ્દોની પાછળ **वाहन** શબ્દ જોડવાથી પાડાનાં નામ બને છે. જેમ કે—**यमवाहनः, धर्मवाहनः, अन्तकवाहनः** (પું. નપું.) ઇત્યાદિ.

卐

**૧૦૫. કૂતરો :—**

(૧) **वक्र** અને **कुटिल** શબ્દની પાછળ પુચ્છવાચક શબ્દો જોડવાથી કૂતરાનાં નામ બને છે. જેમ કે—**वक्रवालधिः, वक्रपुच्छः, कुटिललाङ्गूलः** (પું.) ઇત્યાદિ.

(૨) રાત્રિવાચક શબ્દોની પાછળ **जागर** શબ્દ જોડવાથી કૂતરાનાં નામ બને છે. જેમ કે—**रात्रिजागरः, निशाजागरः** (પું.) ઇત્યાદિ.

(૩) **दीर्घ** શબ્દની પાછળ મૈથુનવાચક શબ્દો જોડવાથી કૂતરાનાં નામ બને છે. જેમ કે—**दीर्घमैथुनः, दीर्घरतः, दीर्घसुरतः** (પું.) ઇત્યાદિ.

(૪) જિહ્વાવાચક શબ્દોની પાછળ **प, लिह्** કે **लिह** શબ્દ જોડવાથી કૂતરાનાં નામ બને છે. જેમ કે—**जिह्वापः, रसनालिट् ' ह् ', रसनालिहः** (પું.) ઇત્યાદિ.

卐

**૧૦૬. બિલાડો :—**

(૧) ઉંદરવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દો જોડવાથી બિલાડાનાં નામ બને છે. જેમ કે—**मूषकारिः, उन्दरमारः, खनकारातिः, मूषकारिः, उन्दिररिपुः** (પું.) ઇત્યાદિ.

(૨) રાત્રિવાચક શબ્દોની પાછળ **दर्शिन्** શબ્દ જોડવાથી બિલાડો, ઘુવડ વગેરેનાં નામ બને છે. જેમ કે—**रात्रिदर्शी 'इन्', निशादर्शी 'इन्'** (પું.) ઇત્યાદિ.

卐

**૧૦૭. કાચબો :—**

(૧) **गूढ** શબ્દની પાછળ **अङ्ग, अवयव, गात्र** જેવા અવયવવાચક શબ્દો જોડવાથી કાચબાનાં નામ બને છે. જેમ કે—**गूढाङ्गः, गूढावयवः, गूढगात्रः** (પું.) ઇત્યાદિ.

★

**૧૦૮. મત્સ્ય :—**

(૧) જળવાચક શબ્દોની પાછળ **चर** શબ્દ જોડવાથી માછલાનાં નામ બને છે. જેમ કે—**जलचरः, वारिचरः** (પું.) ઇત્યાદિ.

(૨) જળવાચક શબ્દોની પાછળ **जीवन, प्राण, आधार** કે **आश्रय** શબ્દ જોડવાથી માછલાનાં નામ બને છે. જેમ કે—**जलजीवनः, सलिलप्राणः, तोयाधारः, नीराश्रयः** (પું.)૪૦

★

૧૦૯. સર્પ :—

( ૧ ) **द्वि** શબ્દની પાછળ જિહ્વાવાચક શબ્દો જોડવાથી સર્પ અને લુચ્ચા માણસનાં નામ બને છે. જેમ કે—**द्विजिह्वः, द्विरसनः** (પું.) ઇત્યાદિ.

( ૨ ) **दीर्घ** અને **लम्ब** શબ્દની પાછળ જિહ્વાવાચક શબ્દો જોડવાથી સર્પનાં નામ બને છે. જેમ કે—**दीर्घजिह्वः, दीर्घरसनः, लम्बजिह्वः** (પું.) ઇત્યાદિ.

( ૩ ) ફણાવાચક શબ્દોની પાછળ **भृत्, धर** કે મત્વર્થક પ્રત્યયો જોડવાથી સર્પનાં નામ બને છે. જેમ કે—**फणभृत्, फणधरः, फणी 'इन्', भोगभृत्, भोगधरः, भोगी 'इन्'** (પું.) ઇત્યાદિ.

( ૪ ) નેત્રવાચક શબ્દોની પાછળ કર્ણવાચક શબ્દો જોડવાથી સર્પનાં નામ બને છે. જેમ કે— **दृक्कर्णः, चक्षुःश्रवाः 'अस्', गोकर्णः, नेत्रश्रुतिः, दृक्श्रवणः** (પું.) ઇ૦

( ૫ ) કર્ણવાચક શબ્દોની પૂર્વે **नञ्** અથવા પાછળ **रहित, वर्जित, हीन** કે **शून्य** શબ્દ જોડવાથી સર્પનાં અને બધિરનાં નામ બને છે. જેમ કે—**अकर्णः, अश्रवणः, श्रुतिरहितः श्रवणवर्जितः, कर्णहीनः, श्रवःशून्यः** (પું.) ઇ૦

( ૬ ) વાયુવાચક શબ્દોની પાછળ **भक्ष, भक्ष्य, भक्षण, अश, अशन** કે **अदन** શબ્દ જોડવાથી સર્પનાં નામ બને છે. જેમ કે—**वायुभक्षः, वायुभक्ष्यः, वायुभक्षणः, पवनाशः, पवनाशनः, अनिलादनः, वायुभोजी 'इन्'** ( પું. ) ઇ૦

(૭) વિષવાચક શબ્દોની પાછળ આયુધવાચક શબ્દો જોડવાથી સર્પનાં નામ બને છે. જેમ કે—**विषायुधः, विषास्त्रः, विषहेतिः, गरलायुधः, हलाहलहेतिः** (પું.) ઇત્યાદિ.

(૮) **गूढ** શબ્દની પાછળ ચરણવાચક શબ્દો જોડવાથી સર્પનાં નામ બને છે. જેમ કે—**गूढपाद्, गूढपादः, गूढाङ्घ्रिः, गूढचरणः** (પું.) ઇત્યાદિ.

★

**૧૧૦. વાસુકિ :—**

(૧) સર્પવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દો જોડવાથી સર્પોના રાજા વાસુકિનાં નામ બને છે. જેમ કે—**नागेशः, नागनाथः, नागराजः, भोगिराट् 'ज्', फणीनः, भोगीनः** (પું.) ઇત્યાદિ.

★

**૧૧૧. ગરોળી :—**

(૧) **भित्ति, भित्तिका** અને **कुड्य** શબ્દની પાછળ મત્સ્યવાચક શબ્દો જોડવાથી ગરોળીનાં નામ બને છે. જેમ કે—**भित्तिमत्स्यः, भित्तिकातिमिः, कुड्यशफरः** (પું.)ઇત્યાદિ.

★

**૧૧૨. માંકડ અને મચ્છર :—**

(૧) રાત્રિવાચક શબ્દોની પાછળ **जागरद** શબ્દ જોડવાથી માંકડ અને મચ્છરનાં નામ બને છે. જેમ કે—**रात्रिजागरदः, निशाजागरदः** (પું.) ઇત્યાદિ.

(૨) રક્તવાચક શબ્દોની પાછળ **प, पायिन्, अश** કે **अशन** શબ્દ જોડવાથી માંકડ, મચ્છર અને રાક્ષસનાં નામ બને છે. જેમ કે—**असृक्पः, रक्तपः, रुधिरपायी 'णिन्', लोहिताशः, रुधिराशनः** (પું.) ઇત્યાદિ.

卐

**૧૧૩. ભમરો :—**

(૧) પુષ્પવાચક શબ્દો તેમજ **मधु** શબ્દની પાછળ **लिह्** કે **लिह** શબ્દ જોડવાથી ભમરાનાં નામ બને છે. જેમ કે—**पुष्पलिट् 'ह्', पुष्पलिहः, कुसुमलिट् 'ह्', कुसुमलिहः, मधुलिट् 'ह्', मधुलिहः** (પું.) ઇત્યાદિ.

(૨) **मधु** શબ્દની પાછળ **प, पायिन्, कर, कृत्, कारिन्, प्रिय** કે **व्रत** શબ્દ જોડવાથી ભમરાનાં નામ બને છે. જેમ કે—**मधुपः, मधुपायी 'णिन्', मधुकरः** (પું.)ઇત્યાદિ.

(૩) **षट्** શબ્દની પાછળ ચરણવાચક શબ્દ જોડવાથી ભમરાનાં નામ બને છે. જેમ કે—**षट्पदः, षडङ्घ्रिः, षट्चरणः** (પું.) ઇત્યાદિ.

卐

**૧૧૪. પક્ષી :—**

(૧) આકાશવાચક શબ્દોની પાછળ **ग** શબ્દ જોડવાથી પક્ષીનાં નામ બને છે. જેમ કે—**खगः, विहायोगः, नभोगः** (પું.)ઇ૦

(૨) **नीड** શબ્દની પાછળ **ज, जन्मन्, जात, भू, भव** કે **उद्भव** શબ્દ જોડવાથી પક્ષીનાં નામ બને છે. જેમ કે—**नीडजः, नीडजन्मा 'मन्' (अन्)** (પું.) ઇત્યાદિ.

★

૧૧૫. ગરુડ :—

(૧) પક્ષીવાચક શબ્દોની પાછળ સ્વામિવાચક શબ્દ જોડવાથી ગરુડનાં નામ બને છે. જેમ કે—**नीडजनाथः**, **वीशः**, **विहङ्गमपतिः**, **शकुनीश्वरः**, **खगाधिपः**, **पतङ्गपतिः**(પું.)ઇ૦

(૨) **विनता** અને **सुपर्णी** શબ્દની પાછળ પુત્રવાચક શબ્દ જોડવાથી ગરુડનાં નામ બને છે. જેમ કે—**विनतातनयः**, **विनतातनुजः**, **विनतात्मजः**, **सुपर्णीसुतः**, **सुपर्णीसूनुः** (પું.) ઇત્યાદિ.

(૩) સુવર્ણવાચક શબ્દોની પાછળ પક્ષવાચક શબ્દ જોડવાથી ગરુડનાં નામ બને છે. જેમ કે—**सुवर्णपक्षः**, **स्वर्णच्छदः**, **हाटकपत्रः**, **कनकवाजः** (પું.) ઇત્યાદિ.

(૪) વિષ્ણુવાચક શબ્દોની પાછળ **वाह**, **वाहन**, **वाह्य** કે **यान** શબ્દ જોડવાથી ગરુડનાં નામ બને છે. જેમ કે— **विष्णुवाहः** (પું.), **कृष्णवाहनः-नम्** (પું. નપું.), **केशववाह्यः** (પું.), **उपेन्द्रयानः-नम्** (પું. નપું.) ઇત્યાદિ.

(૫) સર્પવાચક શબ્દોની પાછળ શત્રુવાચક શબ્દ તથા **हन्**, **हन्तृ**, **घातक**, **घातन**, **घातिन्**, **नाशक**, **नाशन**, **भुज्**, **भक्षक**, **अश**, **अशन**, **अदन**, **दारक** કે **अन्तक** શબ્દ જોડવાથી ગરુડ, મોર અને નોળિયાનાં નામ બને છે. જેમ કે—**सर्पारातिः**, **भुजगारिः**, **फणिद्विट्** '**ष्**', **नागारातिः**, **भुजङ्गमशत्रुः**, **पन्नगवैरी** '**इन्**', **सर्पघ्नः** '**हन्**', **सर्पनाशकः**, **भोगिभक्षकः**, **नागान्तकः** (પું.) ઇત્યાદિ.

( ૬ ) **काम, इष्ट, इच्छा, वाञ्छित** કે **चिरम्** શબ્દની પાછળ આયુષ્યવાચક શબ્દ જોડવાથી ગરુડ, ગીધ, ભીષ્મપિતામહ, અશ્વત્થામા, બલિરાજા, વ્યાસમુનિ વગેરેનાં નામ બને છે. જેમ કે—**कामायु:, कामजीवन:, इष्टजीवित:, इच्छाजीवन:, वाञ्छितायुः, चिरायुः** ( પું. ) ઇત્યાદિ.

( ૭ ) **वज्र** શબ્દની પાછળ મુખવાચક શબ્દ જોડવાથી ગરુડ, ગણેશ, ગીધ અને મચ્છરનાં નામ બને છે. જેમ કે—**वज्रमुख:, वज्रास्य:, वज्रवदनः, वज्रतुण्ड:** (પું.) ઇત્યાદિ.

卐

**૧૧૬.** ઘુવડ **:—**

( ૧ ) **वक्र** અને **कुटिल** શબ્દની પાછળ નાસિકાવાચક શબ્દ જોડવાથી ઘુવડનાં નામ બને છે. જેમ કે—**वक्रनासिक:, कुटिलनासिक:, वक्रघ्राण:, कुटिलघ्राण:** ( પું. ) ઇત્યાદિ.

卐

**૧૧૭.** કાગડો **:—**

( ૧ ) **एक** શબ્દની પાછળ નેત્રવાચક શબ્દ જોડવાથી કાગડાનાં અને કાણા માણસનાં નામ બને છે. જેમ કે—**एकदृक्** '**श्**', **एकाक्ष:, एकनेत्र:, एकदृष्टि:** (પું.) ઇત્યાદિ.

✶

**૧૧૮.** કબૂતર **:—**

( ૧ ) **रक्त** અને **लोहित** શબ્દની પાછળ નેત્રવાચક શબ્દ જોડવાથી કબૂતર, પાડો, ચકોરપક્ષી, સારસપક્ષી અને ક્રૂર માણસનાં નામ બને છે. જેમ કે—**रक्तलोचन:, रक्तनेत्र:, लोहितेक्षण:, लोहिताक्ष:** ( પું. ) ઇત્યાદિ.

( ૨ ) ગૃહવાચક શબ્દોની પાછળ **नीड** શબ્દ જોડવાથી કબૂતર અને ચકલાનાં નામ બને છે. જેમ કે—**गृहनीडः, सद्मनीडः, निलयनीडः** (પું.) ઇત્યાદિ.

★

**૧૧૯. કોયલ :—**

( ૧ ) **मधु, मधुर** અને **कल** શબ્દની પાછળ **स्वर, कण्ठ, घोष** કે **रव** શબ્દ જોડવાથી કોયલનાં નામ બને છે. જેમ કે—**मधुकण्ठः, मधुरस्वरः, मधुरघोषः, कलरवः** (પું.) ઇત્યાદિ.

●

**૧૨૦. કૂકડો :—**

( ૧ ) રાત્રિવાચક શબ્દોની પાછળ **वेदिन्** શબ્દ જોડવાથી કૂકડાનાં નામ બને છે. જેમ કે—**निशावेदी ' इन् ', रात्रिवेदी ' इन् '** ( પું. ) ઇત્યાદિ૦

★

**૧૨૧. મોર :—**

( ૧ ) કાર્તિકસ્વામિવાચક શબ્દોની પાછળ **वाहन** શબ્દ જોડવાથી મોરનાં નામ બને છે. જેમ કે—**कुमारवाहनः, सेनानीवाहनः** ( પું. નપું. ) ઇત્યાદિ.

★

**૧૨૨. હંસ અને બગલો :—**

( ૧ ) બ્રહ્મવાચક શબ્દોની પાછળ **वाहन** શબ્દ જોડવાથી હંસનાં નામ બને છે. જેમ કે—**अजवाहनः, विरञ्चिवाहनः** ( પું. નપું. ) ઇત્યાદિ.

(૨) શ્વેતવાચક શબ્દોની પાછળ પક્ષવાચક શબ્દ જોડવાથી હંસ અને બગલાનાં નામ બને છે. જેમ કે—**सितच्छदः, श्वेतच्छदः, गौरपत्रः, श्वेतगरुत्, पाण्डुबर्हः, पाण्डुरवाजः** (પું.) ઇત્યાદિ.

★

**૧૨૩. નિર્જીવ :—**

(૧) **जीव, चेतन** અને **प्राण** શબ્દની પૂર્વે **नि, निस्, गत** કે **नञ्** જોડવાથી નિર્જીવનાં અથવા મરેલાનાં નામ બને છે. જેમ કે—**निश्चेतनः, गतप्राणः, अजीवः, अचेतनः** (ત્રિ.) ઇત્યાદિ.

★

**૧૨૪. બખ્તર, વસ્ત્ર :—**

(૧) શરીરવાચક શબ્દોની પાછળ **आवरण** કે **पिधान** શબ્દ જોડવાથી બખ્તર અથવા વસ્ત્રનાં નામ બને છે. જેમ કે—**शरीरावरणम्, देहावरणम्, कायपिधानम्, तनुपिधानम्** (નપું.) ઇત્યાદિ.

★

**૧૨૫. ધનુષ્ય :—**

(૧) બાણવાચક શબ્દોની પાછળ **आसन** શબ્દ જોડવાથી ધનુષ્યનાં નામ બને છે. જેમ કે—**शरासनः, बाणासनः, विशिखासनः** (પું.) ઇત્યાદિ.

●

**૧૨૬. ભાથું :—**

(૧) બાણવાચક શબ્દોની પાછળ **आश्रय** શબ્દ જોડવાથી બાણ રાખવાના ભાથાનાં નામ બને છે. જેમ કે—**शराश्रयः, बाणाश्रयः, विशिखाश्रयः** (પું.) ઇત્યાદિ.

卐

### ૧૨૭. તંબૂ :—

(૧) વસ્ત્રવાચક શબ્દોની પાછળ ગૃહવાચક શબ્દ જોડવાથી તંબૂનાં નામ બને છે. જેમ કે—**वस्त्रगृहम्, पटमन्दिरम्** (નપું.) ઇત્યાદિ.

卐

### ૧૨૮. છરી-ચપ્પુ :—

(૧) **असि** અને **खड्ग** શબ્દની પાછળ **पुत्री, पुत्रिका, धेनु** કે **धेनुका** શબ્દ જોડવાથી છરી અથવા ચપ્પુનાં નામ બને છે. જેમ કે—**असिपुत्री, खड्गपुत्रिका** (સ્ત્રી.) ઇત્યાદિ.

★

### ૧૨૯. પડઘો :—

(૧) શબ્દવાચક શબ્દોની પૂર્વે **प्रति** શબ્દ જોડવાથી પડઘાનાં નામ બને છે. જેમ કે—**प्रतिशब्दः, प्रतिघोषः, प्रतिरवः** (પું.) ઇત્યાદિ.

★

### ૧૩૦. સેવક-નોકર :—

**अनु** ઉપસર્ગની પાછળ **ग, गामिन्, चर, जीविन्, पदिन्, प्लव** જેવા શબ્દો જોડવાથી સેવક અથવા નોકરનાં નામ બને છે. જેમ કે—**अनुगः, अनुचरः, अनुप्लवः** (પું.) ઇ૦

# સરળ શબ્દકોશ

## अ

**अक्षदर्शक** (પું.) ન્યાયાધીશ

**अक्षरचञ्चु, अक्षरचण, अक्षरजीवक, अक्षरजीविन्** (પું.) લેખક, લહિયો

**अक्षरजननी** (સ્ત્રી.) કલમ, લેખણ

**अक्षरन्यास, अक्षरसंस्थान** (પું) લિપિ, અક્ષરરચના

**अक्षवाट** (પું.) અખાડો, જુગાર રમવાનું સ્થાન

**अग्निकण–बिन्दु** (પું.) તણખો

**अग्निक्रीडा** (સ્ત્રી.) આતશબાજી, દારૂ ફોડવો

**अग्निमारक** (ન.) પાણી, જળ

**अग्निमित्र** (પું.) વાયુ, પવન

**अग्निरजस्** (પું.) ઇન્દ્રગોપ, ગોકળગાય, પતંગિયું

**अग्निवाहन** (પું.) બકરો [ ધુમાડો

**अङ्कुर, अङ्कूर** (પું.ન.) અંકુરો,

**अङ्कुश, अङ्कूश** (પું.ન.) અંકુશ, પ્રતિબંધ, હાથીને મારેનું અંકુશ

**अङ्कुशधारिन्** (પું.) મહાવત

**अङ्गण, अङ्गन** (ન.) આંગણું

**अङ्गार** (પું.ન.) અંગારો, મંગળ ગ્રહ

**अङ्गारधानिका** **अङ्गारधानी**

**अङ्गारपात्री** (સ્ત્રી.) સગડી

**अङ्गिका** (સ્ત્રી.) બંડી, અંગરખું, ચોળી, કાંચળી

**अङ्गुल, अङ्गुष्ठ** (પું.) અંગૂઠો

**अङ्गुलि–ली** (સ્ત્રી.) આંગળી

**अङ्गुलिमुख** (ન.) આંગળીનું ટેરવું

**अङ्गुलिमोटन** (ન) ચપટી વગાડવી

**अङ्गुलिस्फोटन** (ન.) ટાચકા ફોડવા, ટચાકા

**अचिरद्युति** (સ્ત્રી.) વીજળી

**अजगर** (પું.) અજગર, મોટો સાપ

**अञ्जनिका** (સ્ત્રી.) આંજણી

**अण्ड** (ન) ઈંડું, પારો, વીર્ય, કસ્તૂરી

**अञ्जन** (ન.) આંજણ, કાજળ

**अपराध** (પું.) અપરાધ, ગુનો

**अपवरक** (ન.) ઓરડો

**अपशब्द** (પું.) ગાળ

**अफेन, अहिफेन** (ન.) અફીણ

**अभिप्राय** (પું.) અભિપ્રાય, આશય

**अभ्रक** (પું.ન.) અબરખ [મહેમાન

**अभ्यागत** (પું.) અતિથિ, પરોણો,

**अम्ला, अम्लिका, अम्ली** (સ્ત્રી.) આંબલી

**अर्गल** (ન.) **अर्गला, अर्गलिका** (સ્ત્રી.) આગળિયો, ભોગળ

**अलस** (ત્રિ.) આળસુ, એદી

**अवकर** (પું.) ઉકરડો, કચરો

**अवतार** (પું.) અવતાર, ઉતારો, તરજુમો, ઘાટ

**अवसर** (પું) અવસર, સમય, તક

**अवसान**(ન.)અવસાન, અંત,મૃત્યુ

**अश्लील** (ત્રિ.) ખરાબ, હલકું

**अश्लील** (ન.) લજ્જા પમાડે તેવું વાક્ય, ગ્રામ્યભાષા

**असिपुत्री** (સ્ત્રી.) છરી, ચપ્પુ

**अस्थिभुज्** (પું.) કૂતરો

**आकर्षक** (પું.) લોહચુંબક

**आत्मदर्श** (પું.) દર્પણ, અરીસો

**आध्मान** (પું.) આફરો

**आरात्रिक** (ન.) આરતી

**आरोग्यशाला** (સ્ત્રી.) દવાખાનું, હોસ્પિટલ, સેનેટોરિયમ

**आर्गल** (ન.), **आर्गली** (સ્ત્રી.) આગળિયો, ભોગળ

**आर्द्रक** (ન.) આદું

**आलस्य** (ન.) આળસ

**आलु–लू** (ન.) આલુ, બટાટા

**आसिका** (સ્ત્રી.) બેસવાની મર્યાદા, અનુક્રમે બેસવું, વારાફરતી બેસવું

**आस्तरण** (ન),**आस्तरणी** (સ્ત્રી) પાથરણું, શેતરંજી, ચટાઈ વગેરે

**इ**

**इक्षुयन्त्र** (ન.) શેલડી પીલવાનો સંચો, ચિચોડો, ચિચૂડો

**इन्धन** (ન.) ઈંધણ, લાકડું, બાળવું, સળગાવવું [ ઈંટ

**इष्ट**(ન.),**इष्टका, इष्टिका**(સ્ત્રી)

**ईर्ष्या** (સ્ત્રી.) ઈર્ષ્યા, અદેખાઈ

**उ**

**उच्चतरु** (પું.) નાળિયેરનું ઝાડ, તાડનું ઝાડ [ કૂદકો

**उच्छलन** (ન.) ઊછળવું, ઉછાળો,

**उच्छीर्षक** (ન.) ઓશીકું

**उज्ज्वल** (ત્રિ.) ઉજ્જ્વળ, સ્વચ્છ

**उत्कोच** (પું.), **उत्कोचा** (સ્ત્રી.) લાંચ, રુશવત [ ખાનાર

**उत्कोचक** (પું.) લાંચિયો, લાંચ

**उत्तमाङ्ग** (ન.) મસ્તક

**उत्तरण** (ન.)ઊતરવું, નીચે આવવું

**उत्तरपट्ट** (પું.) ઉત્તરપટ્ટો, ઓછાડ

**उत्तारण** (ન.) ઉતારવું,પાર કરાવવું

**उत्तारक** (ત્રિ.) ઉતારનાર, પાર કરાવનાર

**उत्साह** (પું.) ઉત્સાહ, ઉદ્યમ

**उदरम्भरि**(ત્રિ.)સ્વાર્થી, પેટભરું

**उदरावर्त्त**(પું.)નાભિ,ડૂંટી [ચતુર
**उदार** (ત્રિ.) ઉદાર, સરળ, ગંભીર,
**उद्गार** (પું.) ઓડકાર
**उद्घाटन** (ન.) ઉઘાડવું
**उद्घाटिनी** (સ્ત્રી.) ચાવી, કૂંચી
**उन्दरु, उन्दुर, उन्दूर, उन्दुरु,**
**उन्दूरु** (પું.) ઉંદર
**उपकूप** (ન.) કૂવાની નજીકનું ઢોરને પાણી પીવાનું સ્થાન-હવાડો
**उपधान** (ન.) એક વ્રત, ઓશીકું, પ્રણય, સ્નેહ, ઝેર [નજરાણું
**उपदा** (સ્ત્રી.) દાન, ભેટ, લાંચ,
**उपदीका,उपदेहिका**(સ્ત્રી)ઊધઈ
**उपनगर** (ન.) શહેરની બહારનો ભાગ–પરું
**उपपति** (પું.) જાર પુરુષ
**उष्ट्र** (પું.) ઊંટ
**उष्णक** (પું.)તાવ, જ્વર, જલદી કામ કરનાર, ચતુર
**उष्णागम** (પું.) ઉનાળો
**उष्णिका** (સ્ત્રી.) રાબડી, કાંજી
**ऊन** (ત્રિ.) ઊણું, ઓછું

## ऋ

**ऋण** (પું.ન.)કરજ, દેવું [દેવાદાર
**ऋणिक** (પું.), **ऋणिन्** (ત્રિ.)
**ऋषभ** (પું.)ઋષભદેવ,બળદ, શ્રેષ્ઠ

## ए

**एक** (ત્રિ.) એક, કેવળ, ફક્ત, અદ્વિતીય, મુખ્ય, બીજું
**एककुण्डल** (પું.) બળદેવ, કુબેર
**एकदन्त** (પું.) ગણેશ, ગણપતિ
**एकदृश्** (પું.) શિવ, શંકર, કાગડો
**एकनेत्र** (પું.) કાગડો, કુબેર, (ત્રિ.) આંખે કાણું, બાડું
**एकपाद्** (પું.) વિષ્ણુ, શિવ
**एकल, एकाकिन्** (ત્રિ.) એકલું, સહાય વગરનું [અત્યંત
**एकान्त** (ત્રિ.) એકાંત, નિર્જન,
**एकोदर** (પું.) સગો ભાઈ
**एकोदरा** (સ્ત્રી.) સગી બહેન
**एरण्ड** (પું.) એરંડાનું ઝાડ,
**एरण्ड** (ન.) એરંડાનું ફળ
**एला** (સ્ત્રી.) ઇલાયચી

## क

**कंसक, कांस्य** (ન.) કાંસું
**कंसकार,कांस्यकार**(પું)કંસારો
**कक्षापट** (પું.) લંગોટી
**कङ्कतिका** (સ્ત્રી.) કાંસકી
**कङ्कमुख** (પું.) સાણસી, ચીપિયો
**कङ्कर, कर्कर** (ન.) કાંકરો
**कच्छटिका, कच्छा, कच्छोटिका** (સ્ત્રી.) કચ્છ, કછોટો, કાછડી

**कज्जल** (ન.) કાજળ, નેત્રાંજન, લખવાની શાહી
**कञ्चुलिका** (સ્ત્રી.) કાંચળી, ચોળી
**कटक** (પું.ન.) કડું, હાથનું ઘરેણું
**कटाह** (પું.), **कन्दु–दू** (પું.સ્ત્રી.) કડાઈ, તવી
**कटुरव** (પું.) દેડકો
**कटोर** (પું.), **कटोरक** (ન.) કટોરો, કોડિયું, વાટકો
**कठिनपृष्ठ** (પું.) કાચબો
**कण** (પું.), **कणा**, **कणिका**, **कणी** (સ્ત્રી.)ઝીણો કણ, સૂક્ષ્મ ભાગ
**कणलाभ** (પું.) ઘંટી
**कणिक** (પું.) કણિક, બાંધેલો ઘઉંનો લોટ, મેંદો
**कण्टक** (પું.ન.) કાંટો, શૂળ
**कण्टकविशोधन**(ન.)કાંટો કાઢવો
**कण्टकविशोधनी** (સ્ત્રી.) કાંટો કાઢવાનો ચીપિયો
**कण्टकद्रुम** (પું.) બાવળનું ઝાડ, ખેરનું ઝાડ, ગોખરુનું ઝાડ
**कण्ठबन्धन** (ન.) ગળે ફાંસો, ગળામાં બંધન
**कण्ठिका**, **कण्ठी** (સ્ત્રી.) કંઠી, ગળાનું ઘરેણું
**कण्डन** (ન.) ખાંડવું
**कण्डनी**(સ્ત્રી.)ખાંડણી, ખાંડણિયો
**कथंकथिता** (સ્ત્રી.) પૂછપરછ
**कथाप्रसङ्ग** (ત્રિ.) વાયડું, બહુ બોલકું, (પું.) ગારુડિક, વાદી
**कथाशेष** (ત્રિ.) મૃત્યુ પામેલું
**कन्यका** (સ્ત્રી.) કન્યા, કુમારિકા
**कपट** (ન.) કપટ, દગો, છળ
**कपाट** (પું.ન.), **कवाट** (ન.) કમાડ, બારણું, દ્વાર
**कपाल** (પું. ન.) ખોપરી, ઘડાની ઠીકરી, ભિક્ષાપાત્ર
**कपालस्फोट** (પું.) માથાફોડ, માથાકૂટ, મગજમારી
**कफारि** (પું.) સૂંઠ
**कमण्डलु** (પું.ન.) કમંડળ
**कमलालया** (સ્ત્રી.) લક્ષ્મી દેવી
**कम्बल** (પું.) કામળો, ધાબળો
**कम्बलिका** (સ્ત્રી.) કામળી, ધાબળી
**करकलश**, **करकोष** (પું.) અંજલિ, હાથનો ખોબો
**करका** (સ્ત્રી.) વરસાદનો કરો
**करण्ड**(પું.),**करण्डका**,**करण्डा** (સ્ત્રી.) કરંડિયો, ટોપલો, ટોપલી
**करतल** (ન.) હથેળી
**करपत्र** (ન.) કરવત
**करवाल** (પું.) નખ, તરવાર

**कराघात** (પું.) થપાટ, થપ્પડ, તમાચો, ઢીંકો, ઠોંસો, ઘુસ્તો
**कर्कटिका** (સ્ત્રી.) કાકડી
**कर्णदुन्दुभि** (પું.) કાનખજૂરો
**कर्णपरंपरा** (સ્ત્રી.) વાત વધવી, એક કાનેથી બીજા કાને વાત જવી
**कर्णचुरचुरा, कर्णटिरटिरा** (સ્ત્રી.) ચાડી ચૂગલી [ ખાનાર
**कर्णजप** (પું.) ચાડિયો, ચાડી
**कर्णोपकर्णिका** (સ્ત્રી.) અફવા
**कर्तनिका, कर्तनी, कर्तरी, कर्त्रिका, कर्त्री** (સ્ત્રી.) કાતર
**कर्पासफल** (ન.) કપાસિયો
**कर्पूर** (પું.ન.) કપૂર
**कलकल** (પું.) કોલાહલ, ઘોંઘાટ
**कलम** (પું.) કલમ, લેખણ [ કુંભ
**कलश–स** (પું.) કળશ, કળશો,
**कलह** (પું.ન.) કજિયો, કંકાસ
**कलि–ली, कलिका** (સ્ત્રી) ફૂલની કળી
**कवल** (પું.) કોળિયો
**कष्टि** (સ્ત્રી.) કસોટી, પારખું
**कस** (પું.) કસોટીનો પથ્થર
**काक, काग, काण** (પું.) કાગડો
**काकपक्ष** (પું.) જુલફાં. બાબરી, કાન સુધી આવેલા માથાના વાળ
**काच** (પું.) કાચ

**काञ्जिक** (ન.) કાંજી, રાબ
**काण** (ત્રિ.) આંખે કાણું, બાડું
**कान्दविक** (પું.) કંદોઈ, હલવાઈ
**काफल** (ન.) કાયફળ
**कामल** (પું.), **कामला** (સ્ત્રી.) કમળાનો રોગ, કમળો
**कारवेल्ल** (ન.) કારેલું
**कारि** (ત્રિ.) કારીગર
**कार्पटिक** (પું.) કાપડિયો
**कार्मण** (ન) કામણટૂમણ, જંતરમંતર
**कार्यसागर** (પું.) મોટું કામ, મુશ્કેલી ભરેલું કામ
**काल** (ત્રિ.) કાળું, શ્યામ
**कालक्षेप** (પું.) વખત ગાળવો, સમય પસાર કરવો
**कालचिन्तक** (પું.) જોષી
**काली** (સ્ત્રી.) કાળી સ્ત્રી, કાળીચૌદશ
**काष्ठकुट्ट** (પું.) લક્કડખોદ પક્ષી
**काष्ठमौन** (ન.) ચેષ્ટા દ્વારા પણ પોતાનો અભિપ્રાય નહિ જણાવવારૂપ મૌન, સંપૂર્ણ મૌન
**कास** (પું.) ખાંસી, ઉધરસ
**किट्ट** (ન.) કીટું, ધાતુનો મેલ, ઘી-તેલનો મેલ, કાનનો મેલ
**किरातक** (પું.) કરિયાતું

**किलकिला** (સ્ત્રી.) હર્ષનો પોકાર, આનંદનો અવાજ
**किष्कु** (પું.સ્ત્રી.) વેંત, બાર આંગળનું માપ
**कीट, कीटक** (પું.) કીડો, કૃમિ
**कीटज** (ન.) રેશમ, હીર [ ખજવો
**कीटमणि** (પું.) આગિયો જીવડો,
**कील, कीलक** (પું.) લોઢાનો કે લાકડાનો ખીલો
**कुकर** (ત્રિ.) ખરાબ કામ કરનારું
**कुक्कुट** (પું.) કૂકડો
**कुक्कुर** (પું.) કૂતરો [ ચાવી
**कुचिका, कुश्चिका** (સ્ત્રી.) કૂંચી,
**कुटिर** (ન.) નાની ઝૂંપડી, મઢી, મઢૂલી, કૂબો
**कुठार** (પું.) કુહાડો
**कुठारिका, कुठारी** (સ્ત્રી.) કુહાડી
**कुण्ड** (ન.) પાણીનો કુંડ, અગ્નિનો કુંડ, કૂંડું [ વલય
**कुण्डल** (પું.ન.) કુંડલ, કૂંડાળું,
**कुण्डलिका, कुण्डली** (સ્ત્રી) જલેબી
**कुण्डिका, कुण्डी** (સ્ત્રી.) પાણીની કૂંડી [ કુતૂહલ, ઉત્સુકતા
**कुतुक, कुतूहल** (ન.) કૌતુક,
**कुद्दल, कुद्दाल, कुद्दालक** (પું.) કોદાળો, કોદાળી
**कुशिका, कुशी** (સ્ત્રી) લોઢાની કોશ
**कुष्माण्ड, कुष्माण्डक** (પું) કોળું
**कुस्तुम्बरी** (સ્ત્રી.) કોથમીર
**कूपिका, कूपी** (સ્ત્રી.) શીશી, બાટલી, ડબી
**कूर्च** (પું.ન.), **कूर्चक** (પું.), **कूर्चिका** (સ્ત્રી.) કૂચો, કૂચડો, દાતણ, પીંછી
**कृतघ्न** (પું.) કૂતરો
**कृत्रिमसुत** (પું.) દત્તક પુત્ર
**कृमिकोषोत्थ** (ન.) રેશમી વસ્ત્ર, રેશમ, હીર
**केशकीट** (પું.) જૂ
**केशमार्जक** (ન.), **केशमार्जन** (પું.ન.) દાંતિયો, કાંસકી
**कोट–ट्ट** (પું.) કોટ, કિલ્લો, ગઢ
**कोट्टपाल** (પું.) કોટવાળ
**कोरक** (પું.) કોર, ફૂલની કળી
**कोलाहल** (પું.) કોલાહલ, ઘોંઘાટ, મોટો અવાજ
**कोशपाल** (પું.) ખજાનચી
**कोष्ठक** (પું.) કોઠો, વખાર, શરીર
**कोष्ठागार** (ન.) કોઠાર, વખાર
**क्रीडनक** (ન.) રમકડું
**क्रीडा** (સ્ત્રી.) પરિહાસ, રમત, ખેલ
**क्षीरकण्ठ** (પું.) ધાવણું બાળક

**क्षेपणि–णी** (સ્ત્રી.) ગોફણ

**ख**

**खट्वा, खट्वाका, खट्विका** (સ્ત્રી.) ખાટ, ખાટલી, ખાટલો

**खट्विक** (પું.) ખાટકી, કસાઈ

**खडक्की** (સ્ત્રી.) ખડકી, ઘરની પાછળનું નાનું દ્વાર

**खडिका, खडी** (સ્ત્રી.) ખડી, ચાક

**खण्ड, खण्डक** (પું.) ખાંડ, સાકર

**खण्डपाल** (પું.) હલવાઈ

**खर्जन** (ન.) ખણવું, ખંજવાળવું

**खर्जू, खर्जूति** (સ્ત્રી.) ખાજ, ખંજવાળ, ખરજ, ખરજવું

**खर्जूर** (પું.) કાનખજૂરો, વીંછી, ખજૂરનું ઝાડ, (ન.) ખજૂર

**खल** (પું.ન.) ધાન્યનું ખળું, અનાજ કચરવાનું સ્થાન

**खल** (પું.) ખોળ, તેલ કાઢતાંવધેલો કચરો, ઔષધ વાટવાનો ખરલ

**खलि–ली** (સ્ત્રી.) તલનો ખોળ

**खस** (પું.) ખસ, ખરજવું, ખસખસનું ઝાડ

**खाट** (પું.), **खाटा, खाटिका** (સ્ત્રી.) ખાટ, નનામી, ઠાઠડી

**खाण्डविक, खाण्डिक** (પું.) કંદોઈ, હલવાઈ

**खाद** (ન.) ખાણું, ભોજન

**खानपान** (ન.) ખાવુંપીવું

**खानि** (સ્ત્રી.) ખાણ

**खील** (પું.) ખીલો

**खुर** (પું.) પશુના પગની ખરી, ખાટલાનો પાયો, હજામનો અસ્ત્રો

**खेद** (પું.) ખેદ, અફસોસ, દુઃખ, પીડા, થાક

**खेल** (પું.), **खेला** (સ્ત્રી.) ખેલ, [રમત

**खेलन** (ન.) ખેલવું, રમવાનું સાધન

**खोड** (ત્રિ.) ખોડું, લંગડું

**ग**

**गणेशभूषण** (ન.) સિન્દૂર

**गन्त्री** (સ્ત્રી.) ગાડું, બળદગાડી

**गन्धक** (પું.) ગંધક

**गन्धतैल** (ન.) અત્તર, સુગંધી તેલ

**गन्धपिशाचिका** (સ્ત્રી.) ધૂપ

**गन्धवल्कल** (ન.) તજ

**गन्धाखु** (પું.) છછુંદર

**गरुड–ल** (પું.) ગરુડ પક્ષી

**गर्गरी** (સ્ત્રી.) ગાગર, ગોળી

**गर्जन** (ન.) ગર્જના, અવાજ, ક્રોધ

**गर्भागार** (ન.)ગભારો, દેવાલયની કે ઘરની અંદરનો ભાગ

**गर्हा** (સ્ત્રી) ગુરુસાક્ષીએ આત્મનિંદા

**गल** (પું.) ગળું, કંઠ

**गलस्तनी** (સ્ત્રી.) બકરી
**गलि** (પું.) ગળિયો બળદ, છતી શક્તિએ નહિ ચાલનારો બળદ
**गल्ल** (પું.) ગાલ
**गाजर** (ન.) ગાજર
**गात्रमार्जन** (ન.) ટુવાલ, શરીર લૂછવાનું વસ્ત્ર [શ્લોક
**गाथा** (સ્ત્રી.) ગાથા, છંદ, સ્તોત્ર,
**गान्धिक** (પું)ગાંધી, ગંધિયાણાનો વેપારી, સુગંધી દ્રવ્યો વેચનાર
**गालन** (ન.) ગાળવું, ઓગાળવું
**गालि** (પું.) ગાળ, અપશબ્દ
**गिलन** (ન.) ગળી જવું, ખાઈ જવું
**गुग्गुल** (પું.) ગૂગળ
**गुच्छ, गुच्छक** (પું.) ગુચ્છો, ફૂલ વગેરેનો ગોટો, ઝૂમખો
**गुञ्जन** (ન.) ગુંજારવ કરવો, ગણગણાટ કરવો
**गुटिका** (સ્ત્રી.) ગોળી
**गुड, गुल** (પું.) ગોળ, ભેલી
**गुडगुडायन** (ન.) ગડગડાટ [દ્વાર
**गुदा**(સ્ત્રી.)ગુદા, મળત્યાગ કરવાનું
**गुर्जर** (પું.બ.વ.) ગુજરાતી લોકો
**गुर्जरी** (સ્ત્રી.) ગુજરાતણ
**गूढपाद** (પું.)સર્પ, સાપ [ખબર
**गूढभाषित** (ન.) બાતમી, છાની
**गूढमैथुन** (પું.) કાગડો
**गूढाङ्ग** (પું.) કાચબો [સલાટ
**गृहकार** (પું.) કડિયો, મિસ્ત્રી,
**गृहगोलिका** (સ્ત્રી.) ગરોળી
**गृहमृग** (પું.) કૂતરો
**गृहाक्ष** (પું.) બારી
**गेहेशूर** (પું.) બીકણ, ડરપોક
**गैरिक** (ન.) ગેરુ
**गोकृत** (ન.)**गोविष्ठा**(સ્ત્રી.) છાણ
**गोक्षुर, गोखुर** (પું.) ગોખરું
**गोणी** (સ્ત્રી.) ગૂણ, કોથળો
**गोधूमचूर्ण** (ન.) મેંદો, ઘઉંનો લોટ
**गोप्रिय** (પું.) આખલો, સાંઢ
**गोफणा** (સ્ત્રી.) ગોફણ
**गोयान** (ન.) ગાડું, બળદગાડી
**गोरस** (પું.) દૂધ, દહીં, છાશ, વાણીનો રસ
**गोल, गोलक** (પું.) ગોળ, ગોળો, ગોળાકાર, પીંડો, જારકર્મથી ઉત્પન્ન થયેલો વિધવાપુત્ર–ગોલો
**ग्राम** (પું.) ગામ, ગામડું
**ग्राममुख** (પું.) બજાર, ચૌટો
**ग्रामहासक** (પું.) બનેવી, બહેનનો પાત,
**ग्राम्य**(ત્રિ)ગામડિયું, અજ્ઞાની,મૂર્ખ
**ग्राम्यकुङ्कुम** (ન.) કસુંબો–પાણીમાં ઘોળેલું અફીણ

**ग्राम्यमृग** (પું.) કૂતરો

**ग्राम्याश्व** (પું.) ગધેડો

## घ

**घटन** (ન.) ઘડવું, યોજવું, રચવું, બનાવવું

**घटना** (સ્ત્રી.) ઘટના, બનાવ

**घटा** (સ્ત્રી.) ઘટા, ઝુંડ, સમૂહ

**घटिका, घटी** (સ્ત્રી.) ઘડિયાળ, પાણી ભરવાની ઘડી

**घटिकार** (પું.) ઘડિયાળી, કુંભાર

**घटीयन्त्र** (ન.) રેંટ, ઘડિયાળ

**घण्टा** (સ્ત્રી.) ઘંટી, ઘંટડી, ઝાલર

**घण्टापथ**(પું)રાજમાર્ગ,ધોરી માર્ગ

**घण्टिका** (સ્ત્રી.) ઘંટડી, ઘૂઘરી

**घन** (પું.) ઘણ–લુહારનો મોટો હથોડો, મેઘ, ગાઢ, મજબૂત, ઘણું

**घर** (પું.) ઘર, રહેઠાણ [ચક્કી

**घरट्ट** પું.)ઘંટી, અનાજ દળવાની

**घर्घरा, घर्घरी** (સ્ત્રી.) ઘૂઘરી, ટોકરી, ઘંટડી

**घर्म** (પું.) ઘામ, પરસેવો, બફારો, તાપ, ગરમી, ઉનાળો

**घर्मचर्चिका** (સ્ત્રી.) અળાઈ –ગરમીથી થતી ઝીણી ફોડલી

**घर्ष** (પું.) ઘસારો

**घस्मर** (ત્રિ.) ખાઉધરું

**घा** (સ્ત્રી.) ઘા, ઘા કરવો, ઝીંકવું, મારવું, કંદોરો

**घाट** (પું.) નદી વગેરેનો ઘાટ

**घास** (પું.) ઘાસ, ખડ, તૃણ, ભોજન

**घुटि–टी, घुटिका** (સ્ત્રી.) પગની ઘૂંટી, ઘૂંટણ

**घुण्टिक** (ન.) અડાયું છાણું

**घृतवर** (પું.) ઘેબર

**घोट, घोटक** (પું.) ઘોડો

**घोटिका, घोटी** (સ્ત્રી.) ઘોડી

**घोर** (ત્રિ.) ભયાનક, દારુણ, ઉગ્ર, કઠિન [દહીંનું ઘોળવું

**घोल** (પું.ન.) મથેલું દહીં,

**घोलवटक** (પું.) દહીંવડું

**घोषणा** (સ્ત્રી.) ઘોષણા, ઊંચે અવાજે કરાતી જાહેરાત, ગોખવું

## च

**चक्रपाद** (પું.), **चक्रयान** (ન.) રથ, ગાડી, ગાડું

**चक्षुर्मल** (ન)આંખનો મેલ-ચીપડા

**चञ्चल**(ત્રિ)ચંચળ,અસ્થિર, હાલતું

